Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007


Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

**Vol. No. 28, Issue No. 03    10th December, 2023    Annual Subscription Rs. 50=00**


**વર્ષ : ૨૮, અંક : ૦૩    ૧૦મી ડિસેમ્બર, ૨૦૨૩    વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦**



ગણિત અને બીજગણિતમાં તેના સિદ્ધાંતો પ્રમાણે દાખલો ગણાય તો જ સાચો જવાબ મળે, તેમ સાધનામાં પણ એની ક્રિયા-પ્રક્રિયાનું ગણિત હોય છે. તે પ્રમાણે થાય તો જ તેનું યોગ્ય પરિણામ આવે તે શ્રેયાર્થીએ ખાસ લક્ષમાં લેવું ઘટે છે. .....સત્યના ઉપાસકને ભગવાન એકાકી રાખતો નથી, પરંતુ તેના ટેકારૂપ બને છે. અલબત્ત, એના જીવનમાં કપરા કસોટીના પ્રસંગો પણ આવતા હોય છે.

- શ્રીમોટા

*'જીવન પ્રભાત', બી. આ., લેખકના બે બોલમાંથી.*



કબીર સાહેબ

પ્રકાશન સ્થળ : **'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

# હરિભાવ

સંપાદક : **સુરેશચંદ્ર વોરા**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૮ અંક : ૦૩ ડિસેમ્બર, ૨૦૨૩**

**ટ્રસ્ટી મંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મેનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂા.૫૦/-
પરદેશ રૂા.૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/o. સુરેશચંદ્ર વોરા**
**ડી-૫૦૧, પરિમલ એકઝોટિકા, નવયુગ સ્કૂલ સામે,**
**મોહનનગર વિસ્તાર, નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦.**
**Mo./SMS/Whatsapp-9427554391**
**ભેટની રકમ ઈન્કમટેક્સ એક્ટની કલમ-૮૦(જી)(૫) નીચે કરરાહતને પાત્ર છે. ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ'ના નામે લખવો.**

**ઈ-બેંકિંગ : ખાતાનું નામ :** 'હરિવાણી ટ્રસ્ટ'
યુકો બેંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
**IFS Code : UCBA0001687**
બેંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email :hariwanitrust@gmail.com

હરિ ૐ આશ્રમ, સુરતની વેબસાઈટ
**www.hariommota.org**
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommotal@gmail.com
મોબાઈલ નં.૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણ શુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યુટર,** મો. ૯૩૨૭૦૩૬૪૧૪

ટાઈટલ : **મયૂર જાની,** મો.૯૪૨૮૪૦૪૪૪૩

## અનુક્રમ

| ક્રમ | વિગત | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૪ |
| ૨. | એક મહાત્માનાં દર્શન | શ્રીમોટા | ૫ |
| ૩. | મીઠા બોલ | શ્રી બળવંત ભાસ્કર | ૭ |
| ૪. | ભાવાંજલિઃ શ્રી ઝીણાકાકાને | શ્રીમોટા | ૯ |
| ૫. | ગીતા વિષે જાણવા જેવા વિચાર | સંકલિત | ૧૦ |
| ૬. | બાધા નહિ, પ્રભુસ્મરણ અને પ્રાર્થના | શ્રીમોટા | ૧૨ |
| ૭. | ઈશ્વરને પામવાનો માર્ગ | કોકીલા બારાઈ | ૧૪ |
| ૮. | ત્રિવેણી સંગમ | શ્રીમોટા | ૧૫ |
| ૯. | દિવ્યતાનાં દર્શને-૨ | પારુલબહેન આર. પટેલ | ૧૭ |
| ૧૦. | આત્મહત્યાનું કારણ અને નિવારણ | સંત ડુંગરદાસરામ | ૨૦ |
| ૧૧. | કચડાયેલો વર્ગ હવે જાગે છે | શ્રીમોટા | ૨૨ |
| ૧૨. | સાધકનું સાચું હરિભજન | શ્રીવાસુદેવ સરસ્વતી | ૨૩ |
| ૧૩. | ઑડિટ રિપોર્ટ | સંપાદક | ૨૪ |

હરિઃૐ

**ગઝલ**

હવે ના હારવું, જીતવું કશું એવું રહેલું છે,
બધું જે તે હરિ હાથે જીવનમાં સૌ થવાનું છે.
હવે તો જીવ આ કેવો હરિનું માત્ર માધ્યમ છે !
હરિ જેમ હાંકતો તેવું જિવાયા તો જતું શું તે !
જીવનને કંઈ દિશા પ્રત્યે વહેવાનું હવે કંઈ છે.
ન તેની કંઈ સમજણ છે, થતું સૌ પ્રેરણાથી છે.
હરિ શો એકલો માત્ર જીવનસંગાથી પળપળ છે
હરિ વિના બીજું કંઈ મનાદિમાં કશું ના છે.

'જીવનઘડતર', પૃ-૨૬૬ - શ્રીમોટા

**કૃપા કોને વરે !**

સૂર્ય હાજર પ્રત્યક્ષ રાત્રે હોવા છતાંય તે
આપે છે અજવાળું ના, સત્ય દેખીતું તે ખરે,
તેવું અજ્ઞાનમાં પોતે હોવા હાજર તે છતાં
કૃપિ વર્તાય છે તે ના, કબૂલે બુદ્ધિ તે સદા. ૨૦-૨૧
ભૂમિમાં બીજ હોવા છતાં તે કદીક ના ઊગે,
કૃપા-વર્ષા થઈ ના છે તેનું કારણ માત્ર તે.
કૃપા-વર્ષા થતાં કેવું નવું સર્જન થાય છે !
ધરતી મા નવા વેષે શી વિભૂષિત થાય તે ૨૨-૨૩
'કૃપા હોવા છતાં પોતે કેમ વર્તાતી તે નથી,
કબૂલી તે શકે બુદ્ધિ તેવું કારણ દો ચહી.'
માલિકી લાખની હોવા છતાં ગાંડાપણુ જહીં,
હોવા છતાંય માલિકી, તેને ભાન ન તેનું કૈં.
એવું કૃપાતણું જાણો અજ્ઞાનથી જ જીવને
-આવરાયેલ હોવાથી કૃપા વર્તાતી તે ન છે.૨૪-૨૫-૨૬
જીવતું જાગતું હોવા છતાં ચેતન જીવને,
જેમ વર્તાતું તે ના છે, તેવું કૃપાનુ જાણજે. ૨૭
અજ્ઞાનમાં પૂરેપૂરો કેવો છે રસ જીવને !
અસ્તિત્વ કારણે તે જ હરિનું ના જણાય છે. ૨૮
બાળક હાથ જો હીરો, આવી પડેલ છે કદી
કિન્તુ એનું કશું મૂલ્ય તે તો સમજતો નથી;
તે ઘણો મૂલ્યવાળો શો છતાં અજ્ઞાનથી કરી
-હીરાને શિશુ તો માત્ર ગણે રમકડું ચહી.
એવું કૃપાનું તો જાણો, અજ્ઞાનથી જણાતી ના;
મોહ્યા સંપૂર્ણ અજ્ઞાને કૃપાનું ભાન તેથી ના.૩૬-૩૭-૩૮
જાગીને, હેતુને પ્રીછી, સાધવા હેતુ જે મથે
-વફાદારીથી સંપૂર્ણ શ્રમ અથાગ જે કરે,
ને જેમાં ભક્તિ જાગીને કૃપા-આશ્રય જેહને,
એવા માત્ર ફળાવે છે ધારેલો હેતુ જીવને,
તેવાંને શી કૃપા નિત્યે છે સાથોસાથ જીવને !
જવી પડે કૃપાને ના ખોળવા ક્યાંય એમને. ૧૨૨-૧૨૩-૧૨૪
દાવાનળ સમો અગ્નિ શો સળગેલ જીવને !
જીવન-ધ્યેય તો એવા માત્ર ફળાવતાં ધપે;
સર્વ-ભાવે, બધી રીતે જવા હોમાઈ તત્પર,
તેવાને શી કૃપા પોતે વારી વારી વરે દિલ. ૧૨૫-૧૨૬
જવા સંપૂર્ણ ખોવાઈ જેની તૈયારી જીવને,
જેને હર્ષ સમર્પાતાં ઊછળે, ત્યાં કૃપા જ છે. ૧૨૭
ધ્યેયની લગની કેવી ! ખંતનો નહિ પાર છે,
મથી મથી, કડીતોડ મસ્ત જે સાધના વિષે;
અખંડાકાર છે તેમાં સંપૂર્ણ આરપાર છે,
તેને જ માત્ર ધાઈને કૃપા ઉમળકે વરે. ૧૨૮-૧૨૯
કોનાથી દૂર ભાગે છે ? કોને કોને કૃપા વરે ?
તે તે બતાવ્યું છે સ્પષ્ટ કૃપાની તે કૃપા થકી.
કાંતવા ઝીણું ઝીણું તે એવી શક્તિ ન મુજમાં,
કૃપાની બલિહારીથી લખાયું છે કૃપાથી આ

'કૃપા', બીજી આ.પૃ૧૦, ૧૧, ૨૦ સંકલીત •

## (૨) એક મહાત્માના દર્શન

**શ્રીમોટા**

ચેતનામાં નિષ્ઠા પામેલા આત્માઓ હોય તેમને પણ જીવનમાં સંઘર્ષ થવાનો છે. તે સમાજથી વેગળો નથી. ગુફામાં બેસીને જીવન ગાળનાર આત્મા તો જવલ્લે જ હોય છે. તે પણ સમાજથી વેગળો નથી જ હોતો. હું આ જ હેતુ માટે ૧૯૩૩ની આખરમાં એકલો નીકળેલો. હિમાલયમાં મને એક મહાત્મા મળ્યા. તે બરફમાં રહેતા. ફક્ત પાસે એક નાનું હથિયાર રાખ્યું હતું કે જેથી બરફ ખોદીને હવા આવવાનો રસ્તો થઈ શકે. આ માર્ગમાં તો પેશાબ-મળત્યાગ ઉપર પણ કાબૂ આવી શકે છે. ઊંઘ ઉપર પણ સ્વામિત્વ લાવી શકાય. એવા આ મહાત્માનાં દર્શન થયેલાં. તેમને મેં પૂછ્યું કે 'તમે સમાજથી અળગા રહીને શું કરી શકો ?' તેમણે કહ્યું કે 'સમાજથી ભલે અળગો લાગતો હોઉં, પણ બ્રહ્માંડ સાથે જોડાયેલો છું. એનાથી અલગ નથી. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ એમાં (fallacy) દોષ નથી.' તેમને મેં પૂછ્યું, 'અહીં રહ્યે વ્યક્તિ સાથેનો તમારો સંબંધ કઈ રીતે ?' એમણે કહ્યું, 'શરીર પરંપરાનું બનેલું છે કે નહિં ? જીવનની અનંતતા છે કે નહીં ? ફળફૂલ વગેરે થાય છે કે નહિ ? કોઈપણ વસ્તુ ફેરફાર વગરની છે ? છતાં પણ અનંતતા કાયમ છે કે નહિ ? તેવી જ રીતે સાંકળ ચાલ્યા જ કરતી હોય છે. મનુષ્યજીવન પણ અટકેલું રહેતું નથી. તે અહીં અટકતું નથી, એ આગળ પણ રહેવાનું અને પાછળ પણ હતું. તારું નાનકડું મગજ વહેવારમાં ચાલે નહિ. સંશય ટળે તો મોટી વાત થાય. પણ બુદ્ધિથી આ વાત ન સમજાય-અનુભવ વગર થાય નહિં.' મેં તેમને બહુ પ્રાર્થના કરી કે સમજાવો. તેમણે કહ્યું કે 'એકલો પૃથ્વી સાથે સંબંધ નથી. સકળ બ્રહ્માંડ સાથે સંબંધ છે. અહીં બેઠાં નિમિત્ત પ્રગટે છે.'મેં કહ્યું 'એ સ્વીકારાતું નથી. સમજાતું નથી. મને આમાં સમજ પડતી નથી.' તેમણે કહ્યું કે 'પૃથ્વી કશાક સાથે સંકળાયેલી છે તે આપણે માનીએ છીએ. તે સૂર્યમાળા સાથે સંકળાયેલી છે. બીજા સાથે, ત્રીજા સાથે સંકળાયેલ છે એ બુદ્ધિ કેવી રીતે માને છે ?' મેં કહ્યું, 'તેની સમજણ તો નથી પણ એવું શીખેલા એટલે તે દિલમાં ચોંટી ગયું છે.' મેં પૂછ્યું કે 'તમે અહીં રહ્યે કેવી રીતે સંકળાયેલા છો ?' તેમણે કહ્યું કે 'આપણને જેવી રીતે એમ નથી લાગતું કે પૃથ્વી સંકળાયેલી છે છતાં હકીકતમાં તે વાત સાચી છે. તેવી રીતે અનુભવથી માનીએ તો તે સૂક્ષ્મમાં પ્રગટે છે. અહીં બેઠાં બેઠાં જેવું જેનું નિમિત્ત પ્રગટે છે તે બધાં અહીં હાજર થાય છે. ફકત મનુષ્યો જ નહિં, દેવીદેવીઓ પણ. સૃષ્ટિમાં ચૌદ પ્રકારની યોનિઓ છે તેમાં દેવદેવીની પણ એક યોનિ છે. પ્રેતયોનિ પણ છે. મારે એ બધાં સાથે સંબંધ છે. એ લોક સાથે નિમિત્ત પ્રગટે તોપણ શું અને ન પ્રગટે તો પણ શું ? શરીર છે ત્યાં સુધી એ ચાલ્યા જ કરવાનું છે. મારી પાસે થોડી પળો માટે આવવાથી પણ તેનો ઉદ્ધાર છે. મારી

સાથે થવાથી તાદાત્મ્ય કેળવાય છે. બુદ્ધિથી સંશય ટળે એવી ખાતરી નથી. કોઈ વ્યક્તિ બધાંને લુચ્ચી લાગતી હોય. મને તેનો સારો અનુભવ હોય. આપણને અનુભવથી જ ખાતરી થઈ શકે. માણસે અનુભવ ઉપર મક્કમ રહેવું જોઈએ. અનુભવ વગર સંશય જાય નહિં. બુદ્ધિથી નહિ જ જાય.' આ તેઓ હકીકતરૂપે કહેતા અને હું જડસુ માફક સમજી રહેલો. તેમને મેં પૂછ્યું, 'તમારા જેવા ઘણા મહાત્મા આ દેશમાં છે છતાં ઉદ્ધાર કેમ થતો નથી. ?' તેમણે આગળ કહ્યું, 'આનાથી બીજ રોપાય છે. એ તરત ફળી જતું નથી. પણ જ્યારે એ સંસ્કારનો ઉદય થાય ત્યારે એ જાગે છે. તું પણ પહેલાં ક્યાં માનતો હતો ? તું માનતો કે આવા મહાત્માઓ જગતને ભારરૂપ છે. તને તારા નામ સાથે બોલાવ્યો છતાં તું જઈ શકતો ન હતો. તને ઓળખતા ન હતા. પિછાન ન હતી છતાં તને બોલાવ્યો હતો.'

પ્રશ્ન : મોટા, તમે કહેલું કે તમે મહાત્માને મળ્યા, તમે એમને પ્રશ્ન પૂછ્યો, કે ચેતનામાં જાય એનું અસ્તિત્વ રહે કે નહિ ? એની પર્સનાલિટીનું શું ? તે લય થઈ જાય....

શ્રીમોટા : પછી એને પર્સનાલિટી જેવું કંઈ કશું રહે નહિ. એ ગૉડ હીમ સેલ્ફ (પોતે જ પ્રભુ) જેવી સ્થિતિ થઈ જાય આ પૃથ્વી પર કેટલા બધા જીવો મુખ્ય હોય, તે માણસો સાથે સંબંધ હોય છે. દોસ્તી થઈ હોય, મૈત્રી થઈ હોય. જીવને ખરી ભક્તિ જાગી હોય. એવા લોકો એને યાદ કરે છે અને બહુ ભક્તિ કરે. એને પોકાર પાડે. આ બધાને લીધે જુદું અસ્તિત્વ છે, તેમ લાગે છે. પણ ઈન ફૅક્ટ (ખરેખર) નથી. જ્યારે એ તત્ત્વ સાથે જે એનો અહોભાવ છે, એકત્વભાવ છે,

જેની સાથે ભાવાત્મક એ બધા જે ભાવ છે, તેની સાથે કામ કરતું હોય અને કામ કરતું હોય છે એટલું જ નહિ, કેટલાક પ્રત્યક્ષ આકારરૂપે પણ દેખાય. અત્યારે આકાર દેખાય છે. જેવી જરૂરિયાત હોય ત્યાં દેખાય. આવા લોકોના કિસ્સામાં આ બધું બુદ્ધિથી કે દલીલથી કશાથી આપણે યથાયોગ્ય ઠેરવી શકીએ એવી સ્થિતિમાં નથી. આ છે જ, અને આવી રીતે છે, એમ કહી શકીએ નહિ. બધા વિદ્વાનોએ પ્રયત્ન કર્યો છે કે, બુદ્ધિથી આ યોગ્ય છે એમ ઠેરવી શકાય છે, પણ મારા ગળે એમની વાત ઊતરતી નથી. તમારે કહેવું હોય તો કહો કે આમ ફૅક્ટ (ખરેખર) છે. પણ માનવું ના-માનવું દરેકની મુનસફીની વાત છે. પણ એ ખરેખર ફૅક્ટ છે જ એવી દલીલો કરે છે અને એ લોકોએ બુદ્ધિથી દલીલો શોધી છે. મારે ગળે એ ઊતરી નથી. તેથી મેં એના વિશે વિચાર કર્યો નથી.

પણ એનું જુદું અસ્તિત્વ હોતું નથી. આપણી જાત જુદી છે એમ આપણને લાગે છે. એવી રીતે પેલા મહાત્માઓ, મહાન તત્ત્વોમાં લય થઈ ગયા છે ત્યારે એને અસ્તિત્વ નથી. તેમ છતાં એમનું અસ્તિત્વ આપણને લાગે છે, એ આપણી પોતાની ભાવનાને લીધે લાગે છે. બાકી નથી- એવું મને લાગે છે.

'ભગતમાં ભગવાન', ૬ઠ્ઠી આ.પૃ.૧૯૪-૧૯૬ •

## (૩) મીઠા બોલ

**શ્રી બળવંત ભાસ્કર**

આપણે ઘણીવાર સાંભળ્યું છે કે, 'સત્ય હંમેશા કડવું હોય છે.' એ ખરું નથી. સત્ય કદી કડવું કે મીઠું હોતું નથી, સત્ય સત્ય હોય છે. કહે છે કે, 'પરમાત્માએ જ્યારે મનુષ્યની જીભ બનાવી ત્યારે એ ઉપર અમૃત અને ઝેર બંને મૂક્યાં, અને મનુષ્યને કહ્યું કે, "તારી વિવેક બુદ્ધિથી તું એનો ઉપયોગ કરજે." જીભ દોસ્તો પણ બનાવી શકે છે અને દુશ્મનો પણ બનાવી શકે છે. ઝેર જેવા કડવા શબ્દ બોલી માણસ કાયમી મનદુઃખ પેદા કરી શકે છે. અમૃત જેવા મીઠા બોલ બોલી માણસ ચારે તરફ સુખ ફેલાવી શકે છે. શું બોલવું એ મનુષ્યની વિવેક બુદ્ધિ પર છે. કબીરજી મીઠા બોલની મહત્તા દર્શાવતા પાંચમાં જંત્રમાં કહે છે :

**ઐસી બાની બોલિયે, મનકા આપા ખોય**
**ઔરન કો સીતલ કરૈ, આપહુ સીતલ હોય**

વાણી એવી બોલવી જોઈએ કે જેમાં અહમ્‌નો ભાવ ન આવે. સાંભળનારને ઠંડક થાય તેમ બોલનારને પણ ઠંડક થાય

**'તુલસીદાસ ઈસ સંસારમેં, ભાંતિ ભાંતિ કે લોગ.'** ઘણાની ભાષામાં એવી કટુતા હોય છે, સાંભળનારને આખા શરીરે અગ્નિ વ્યાપી જાય. ગુજરાતીમાં એવા લોકો માટે ઓળખનો શબ્દ છે કોબાડ બોલીના. એવા લોકોના મોઢામાંથી શબ્દોની જગાએ અંગારા વરસતા હોય છે. 'દિલનો બળેલો ગામ બાળે' એમ આવા લોકો પોતે પણ બળતા હોય છે અને બીજાને પણ બાળે છે. જ્યારે કેટલાક લોકો એવા શીતળ હોય છે કે એના મોઢામાંથી શબ્દોની જગાએ બરફના ટુકડા વહેતા હોય એવું લાગે છે. તેઓ પોતે શીતળ હોય છે અને બીજાને પણ શીતળતા અર્પે છે. કબીરજી એટલે સ્પષ્ટ કહે છે :

**મીઠા સબસે બોલીએ, સુખ ઉપજે ચહુ ઔર**
**વશીકરન યેહી મંત્ર હૈ, તજીયે વચન કઠોર**

સૌ સાથે મીઠી વાણી બોલવી, જેથી સૌને સુખ મળે, કોઈને મન દુઃખ ન થાય. મીઠી વાણી એ વશીકરણ મંત્ર સમાન છે. માટે કઠોર વચન તજી દેવા.

સૌ સાથે મીઠી વાણી બોલવી, જેથી બધે સુખ ઊપજશે. કડવું બોલીએ તો મનદુઃખ થાય. એમાંથી ઝઘડો પણ થાય.

મીઠી વાણી એ વશીકરણ મંત્ર છે. વશીકરણ મંત્ર એ એક તાંત્રિક પ્રયોગ છે. એ મંત્રનો પ્રયોગ જેના ઉપર કરવામાં આવે તે વશીભૂત થઈ જાય છે, કાબૂમાં આવી જાય છે. ધાર્યું કામ કરે છે. મને એક સાંભળેલી વાત યાદ આવે છે.

**દૃષ્ટાંત :** એક માણસ એક તાંત્રિક પાસે ગયો અને કહ્યું : "મારે અમુક સ્ત્રી વશ કરવી છે." તાંત્રિક કહ્યું : "એના માટે વાઘની મૂછનો વાળ જોઈએ એ લાવી આપ, તો હું તને એવું તાવીજ બનાવી દઉં." પેલો પહોંચ્યો જંગલમાં. જઈને વાઘને પકડી તેની મૂછનો વાળ ખેંચી લાવ્યો. તાંત્રિકે કહ્યુંઃ "હવે તારે કોઈ તાવીજની જરૂર નથી. તું આ જગતમાં કોઈ પણને તાબે કરી શકે છે."

**'તજિયે વચન કઠોર'** કડવા ને કઠોર શબ્દ તજવા જોઈએ. સંત નિસ્તેનુ વચન છે. સારું

બોલવાની ઈચ્છા થાય ત્યારે તું મૌન ધારણ કરીશ નહિ અને ખરાબ બોલવાનું મન થાય ત્યારે મોં ખોલીશ નહિ, ત્યારે મૂંગો થઈ જજે, પણ કઠોર શબ્દ બોલતો નહિ. કઠોર શબ્દથી સાંભળનારને દુઃખ જ મળશે. બધી બાજુ દુઃખ ઉત્પન્ન થશે. બધી તરફ અગ્નિજ્વાળાઓ ઊઠશે. એમાં સૂકાં સાથે લીલું પણ બળીને ભસ્મ થઈ જશે. માટે કઠોર વચન ત્યાગજે. હંમેશા મીઠી વાણીનો ઉપયોગ કરજે. અન્ય એક સાખીમાં કબીરજી કહે છે :

**જે શબ્દે દુઃખ ના લાગે, સોહિ શબ્દ ઉચાર**
**તપ્ત મિટ્ટી શીતલ ભયા, સોહિ શબ્દ તતસાર**

જે શબ્દના ઉચ્ચારવાથી દુઃખ ન થાય એ જ શબ્દ બોલવો. પ્રથમ વર્ષાથી ધરતીની ગરમ થયેલી માટી ઠંડી થાય છે, એમ ઠંડક આપે, એ જ શબ્દને સત્ય જાણ.

માણસ બોલીને દુઃખ ઊભું કરે છે. એક વેણ હૃદય પર ઘાવ કરવાનું કામ કરે છે, જયારે એક શબ્દ ઔષધનું; દવાનું કામ કરે છે. કબીરજી કહે છે : "જે શબ્દ બોલવાથી દુઃખ ન થાય એ જ શબ્દનું ઉચ્ચારણ કરવું જોઈએ."

**દૃષ્ટાંત :** રાજુએ ત્રીસ વરસ પહેલાં નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી કરી હતી. સંજોગોવશાત્ ચૂંટણીએ તે હારી ગયો. મિત્રોને ઘણો અફસોસ થયો, પણ સૌથી વધુ દુઃખ એ વાતથી થયું કે હારના કારણમાં મિત્રોનાં જ નામ આવ્યાં. "તારા મિત્રોએ જ તને દગો દીધો છે." આજે પણ એ શબ્દો હમણાં જ બોલાયા હોય એવા તાજા ને તાજા છે. એક શબ્દના ઉચ્ચારણથી દુઃખ ઊપજે છે, માણસને માઠું લાગી જાય છે, એના હૃદય પર ઘા થાય છે.

કબીરજી કહે છે : "મનને દુઃખ થાય એવા શબ્દ ઉચ્ચારીશ નહિ."

'કબીરની જંત્રી', પ્ર.આ.પૃ. ૪૭-૭૯ •

## 'હરિભાવ' માસિકનું ડિસેમ્બર-૨૦૨૩ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેની યાદી

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૮૭૧૯ | અભિષેક આર. ચૌહાણ | સુરત |
| ૭૯૫૭ | અરવિંદભાઈ આઈ. પટેલ | નરોડા |
| ૮૫૨૪ | બલદેવભાઈ એમ. રબારી | મુ.પો.ભીમપુર |
| ૮૭૧૪ | ચંદ્રકાંત વી. મહેતા | મહેલોલ |
| ૮૭૦૯ | ગ્રંથપાલ શ્રી | સોનગઢ |
| ૮૭૧૫ | હંસાબેન એ. બારી | સુરત |
| ૮૫૩૬ | સુભાષભાઈ પી. ભટ્ટ | મુંબઈ |

## 'હરિભાવ' માસિકનું જાન્યુઆરી-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેની યાદી

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૭૯૬૨ | ભાવેશ મહેતા | મુંબઈ |
| ૭૯૬૩ | મયંક ઠક્કર | અમદાવાદ |
| ૮૫૪૮ | વિજયભાઈ કે. રૂપારેલ | થાણે |
| ૮૫૫૦ | હસમુખભાઈ વી. દેપાલા | અમદાવાદ |
| FAM૦૧૨૬ | ગીરીશ જોષી | કેનેડા |
| ૭૯૪૬ | હિતેશભાઈ દેસાઈ | સુરત |
| ૮૫૨૩ | જનાર્દન એન. પાઠક | અમદાવાદ |
| ૮૭૦૪ | જિગરભાઈ ટી. પ્રજાપતિ | નરોડા |
| ૦૧૨૨ | મયંક તનસુખભાઈ પટેલ | મુંબઈ |

ઉપરોક્ત સ્વજનશ્રીઓને વિનંતી છે તેઓ 'હરિભાવ'નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી અંક મેળવી શકે. - સંપાદક

## (૪) ભાવાંજલિ શ્રી ઝીણાકાકાને

પૂ.શ્રીમોટાએ શ્રી ઝીણાકાકાને ‘કૃપા’ પુસ્તકમાં ભાવાંજલિ સમર્પણ કરી છે. તેનો કેટલોક અંશ પ્રસ્તુત કરીએ છીએ.

**આશ્રમની પહેલાંય જેની પસંદગી થઈ,**
**કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કર્યા કરી. ૧**
**આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,**
**ફરિયાદ તણો શબ્દ કાઢ્યો એક્કે ન મુખથી. ૭**
**જેના વિના કદી ચાલે નહિ આશ્રમ કો રીતે,**
**સાથે સાચવનારા શા બધાંનાય સ્વભાવને. ૮**
**‘પ્રાણ આશ્રમના પોતે, છતાં પોતે ન કૈં જ છે,’**
**એ રીતે જીવને વર્તે, પોતે નિઃસ્પૃહી સાવ છે. ૧૪**

પૂ. શ્રીમોટામાં શ્રીરામના દર્શન કરનાર, અનન્ય ભક્ત અને કર્મયોગી વીર શ્રી ઝીણાકાકા હરિઃ ૐ આશ્રમ, સુરતના પાયાના પત્થર અને પૂ. શ્રીમોટાના અનન્ય સેવક બની રહ્યા.

**શ્રી ઝીણાકાકા કહેતા કે -**

**‘ભગવાનના માર્ગે વિચારી વિચારીને કશું થતું નથી. શ્રદ્ધાના બળથી જ આગળ વધાય છે. આપણે જે ફોટાને પગે લાગીએ છીએ તે ફોટાનું દર્શન કરી લઈએ તો પણ મોટાનું દર્શન થઈ જાય. ફોટામાં છે તે મોટા આપણી વાત સાંભળે તો છે જ, પણ બોલતા નથી એટલું જ ! મોટા એટલે જ ભગવાન. ભગવાન જે કરે તે સારા માટે કરે, ભગવાન જે કરે તે સારું કરે.’**

**શ્રી ઝીણાકાકા એવું પણ કહેતા કે,**

**‘સાહિત્યનને લગતું કામ હોય કે આશ્રમને લગતું કામ હોય, એ કામ મોટાને યાદ રાખીને, ભાવ રાખીને કરવું જોઈએ.’ મોટા કહેતા “આશ્રમનું કામ કરો તે પણ ભગવાનની ભક્તિ છે. અહિ આવીને ખાલી ખાલી પગે લાગીને ચાલ્યા જશો તો તેનો કોઈ અર્થ નથી.”**

સ્વરાજ આશ્રમ, બારડોલીવાળા નાનીબેન કહે છે કે, **મોટા, ઝીણાભાઈ વિશે કહેતા કે, ‘જો નાની, આ ઝીણાભાઈ અમારી કર્મયોગી મા છે.’**

પૂ. શ્રીમોટાના પડ્યા બોલે પ્રખર પુરુષાર્થ થકી કૃપાના અધિકારી એટલે શ્રી ઝીણાભાઈ, આશ્રમમાં આવનાર બાળકોના વ્હાલા ઝીણાદાદા, સૌ સ્વજનોને મન આદરણીય ઝીણાકાકા. ચીવટાઈ, સ્વચ્છતા અને સમયના આગ્રહી. તેઓને આશ્રમના કોઈપણ કર્મની નાનમ નહિ. સેવકો ગામ ગયા હોય કે કામ બાકી રહી ગયું હોય તો શરીર અને ઉંમરનો વિચાર કર્યા વિના હાથમાં ઝાડુ લઈને સફાઈ કરવા માંડે. તેથી જ પૂ.શ્રીમોટાએ પત્રમાં ઝીણાકાકાને લખ્યું છે,

**‘ઝીણાભાઈ, વ્હાલા ઝીણાભાઈ, તને તો કેમ ભૂલું ?**

**તું તો મારો આશ્રમ છે.’**

‘શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ’ પ્ર.આ.પૃ.૭-૮ (પ્રસ્તાવના) ●

---

**ગયેલા આત્માને**

સુરતનિવાસી રંગભકત અને પૂજ્ય શ્રીમોટાના અનુરાગી શ્રી ભાલચંદ્રભાઈ શુકલ તા.૨૧-૧૦-૨૦૨૩ના રોજ રંગશરણ પામ્યા છે. પૂજ્ય શ્રીમોટાના સુરત ખાતેના ‘હરિઃૐ આશ્રમ’માં અનેક વખત મૌનમાં બેસેલાં અને અનેક પુસ્તકોનું ગહન વાંચન અને લેખન કરેલું.

પૂજ્ય શ્રીમોટા તેઓશ્રીને યશ-કલ્યાણ પ્રેરે તેવી પ્રાર્થના. - સંપાદક

# (૫) ગીતા વિષે જાણવા જેવા વિચાર (સારાંશરૂપે)

સંકલિત

"ગીતા એ ઉપનિષદો અને શાસ્ત્રોનું સત્ત્વ છે. ધર્મ પ્રચારનું ઉત્તમ સાધન છે. શક્તિનો ખજાનો છે. માત્ર એક મહાભારતમાં જ ગીતાને વિસ્તારથી સમજાવનારા દૃષ્ટાંત મળી શકે છે."

**- ભાઈ પરમાનંદજી**

"એ ગ્રંથ એટલો અમૂલ્ય અને આધ્યાત્મિક ભાવોથી ભરેલો છે કે, હું વખતો વખત પરમાત્માને એ જ પ્રાર્થના કર્યા કરું છું કે તે મારા ઉપર એવી દયા કરે અને શક્તિ આપે કે જેથી હું મૃત્યુપર્યંત ગીતાનો સંદેશ એક સ્થાનથી બીજા સ્થાનમાં પહોંચાડી શકું."

**- સાધુ ટી. એલ. વાસવાણી**

"શ્રીકૃષ્ણના ઉપદેશોમાં શાસ્ત્રકથિત લગભગ બધા ધાર્મિક વિષયોનું તત્ત્વ આવી ગયું છે. તેની ભાષા એટલી ગંભીર અને ઉત્કૃષ્ટ છે કે જેથી તેનું 'ભગવદ્‌ગીતા' અથવા 'ઈશ્વરીય સંગીત' નામથી પ્રસિદ્ધ થવું યોગ્ય જ છે."

**-કે. ટી. તૈલંગ**

"આપણે આપણાં બાળકોને પ્રથમથી જ ગીતાનો પાઠ કરવાની ટેવ પાડવી જોઈએ. આપણી નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ગીતા સિવાય બીજા કોઈ શિક્ષક કે માર્ગદર્શકની જરૂર નથી."

**- ટી. સી. કેશુવાલુ પિલ્લે**

"વ્યાસમુનિએ ગીતાશાસ્ત્ર આ રૂપે રચીને હિંદુઓને એક તંતુથી બાંધી દીધા છે. ગીતા તરફ આપણે પૂરતું ધ્યાન આપીએ તો આજથી જ સંસારમાંથી બધાં વેરઝેર નાશ પામે."

**-ભક્તરામ શર્મા**

"ધર્મનાં ગૂઢ રહસ્યોને થોડાક સરળ અને સુરસ શબ્દોમાં પ્રકટ કરવાની અપૂર્વ શક્તિ શ્રીગીતાજીમાં જ છે."

**-લક્ષ્મણજી શાસ્ત્રી**

"તે ગૃહસ્થનાં કર્તવ્યોનું એક પૂર્ણ ધર્મશાસ્ત્ર છે."

**-ટી. વી. અય્યર**

"સંસારમાં ગીતા જેવો કોઈ પણ ગ્રંથ નથી."

**- લો. તિલક**

"ગીતાને ધર્મનો સર્વોત્તમ ગ્રંથ માનવાનું કારણ કે, તેમાં જ્ઞાન, કર્મ અને ભક્તિ, ત્રણેને એવો યોગ્ય ન્યાય અપાયો છે કે એવું સામંજસ્ય બીજા કોઈ ગ્રંથમાં નથી ! આવો અપૂર્વ ધર્મ, આવું અપૂર્વ ઐક્ય કેવળ ગીતામાં જ દેખાય છે. આવી અદ્‌ભુત ધર્મવ્યાખ્યા કોઈપણ દેશમાં કોઈ પણ કાળે કોઈએ કરી નથી."

**- સાહિત્ય સમ્રાટ બંકિમ બાબુ**

"શ્રીમદ્ ભગવદ્‌ગીતા' એ ઉપનિષદ્‌રૂપી બગીચાઓમાંથી વીણી કાઢેલાં આધ્યાત્મિક સત્યોરૂપી પુષ્પોથી ગૂંથેલી એક અતિ સુંદર છડી કિંવા કલગી છે."

**- સ્વામી વિવેકાનંદ**

"જે કોઈ ગીતાગ્રંથ બીજાઓને આપે તેણે લોકોને માટે મોક્ષસુખનું સદાવ્રત ખોલેલું જાણવું. ગીતારૂપી માતા અને મનુષ્યોરૂપી બાળકો છૂટાં પડેલાં ભટકે છે, તેમનો મેળાપ કરાવી આપવો, એ તો સર્વ સજ્જનોનો મુખ્ય ધર્મ છે."

**- શ્રી જ્ઞાનેશ્વર**

"કોઈપણ જાતિને ઉન્નતિના શિખરે ચઢાવવામાં

ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે.''

**- વૉરન હેસ્ટિંગ્સ**

''ગીતાગ્રંથ બુદ્ધિની પ્રખરતા, આચારની ઉત્કૃષ્ટતા અને ધાર્મિક ઉત્સાહનું અપૂર્વ મિશ્રણ રજૂ કરે છે.''

**- ડૉ. મેકનિકલ**

''રાષ્ટ્રીય ધર્મગ્રંથ ગણાવામાં જે જે નિયમો જરૂરી છે તે બધા ભગવદ્ગીતામાં મળે છે; એટલું જ નહિં પણ ભાવિ વિશ્વધર્મનો એ એક સર્વોત્કૃષ્ટ ધર્મગ્રંથ છે.'' **-એફ. ટી. બ્રુકસ**

''બાઈબલનો મેં યથાર્થ અભ્યાસ કર્યો છે. એમાં જે લખ્યું છે તે માત્ર ગીતાના સારરૂપે છે. જે જ્ઞાન ગીતામાં છે તે ઈસાઈ કે યહૂદી બાઈબલોમાં નથી. મને આશ્ચર્ય થાય છે કે, ભારતીય નવયુવકો શા માટે અહીં યુરોપ સુધી વિજ્ઞાન શીખવા આવે છે ? નિઃસંદેહ એનું કારણ તેમનો પાશ્ચાત્ય દેશો પ્રત્યેનો મોહ છે. તેમનાં ભોળા હૃદયોએ હજુ નિર્દય અને અવિનયી પશ્ચિમવાસીઓનાં હૃદય ઓળખ્યાં નથી. વિદેશી શિક્ષણથી મળતી ભપકાદાર પદવીઓની લાલચે તેઓ એ સ્વાર્થીઓની ઇંદ્રજાળમાં ફસાય છે. પણ જે દેશ યા સમાજને ગુલામીમાંથી છૂટવું હોય તેને માટે તો એ માર્ગ અધોગતિનો જ છે. ગીતા દુનિયાની અઢળક સંપત્તિ વડે પણ ખરીદી શકાય નહિં, એવો ભારતવર્ષનો અમૂલ્ય - અલૌકિક ખજાનો છે.''

**- લંડનવાસી યહૂદી એફ. એચ. મોલેમ**

''ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે તેના લખનાર દેવતાને અગણિત વર્ષો થઈ જવા છતાં એવો બીજો એકે ગ્રંથ હજી સુધી લખાયો નથી. ગીતાની સાથે સરખાવતાં આખા જગતનું હાલનું બીજું બધું જ્ઞાન મને તુચ્છ લાગે છે. હું રોજ પ્રાતઃકાળ મારાં હૃદય અને બુદ્ધિને ગીતારૂપી પવિત્ર જળમાં સ્નાન કરાવું છું.''

**- મહાત્મા થૉરો**

''સંસારના બધા ગ્રંથોમાંથી ક્યાંય પણ ભગવદ્ગીતા જેવા સૂક્ષ્મ અને ઉન્નત વિચારો મળતા નથી.'' **- વિ. હુમ્બોલ્ટ**

''આ ગ્રંથ માત્ર હિંદુઓનો જ નહિ પરંતુ સમસ્ત માનવજાતિનો છે.'' **- મહેરબાબાજી**

''તે પુરુષ અને સ્ત્રી મહાભાગ્યશાળી છે કે જેમને આ સંસારના અંધકારથી ભરેલા સાંકડા માર્ગોમાં પ્રકાશ આપનાર આ નાનકડો પરતુ અખૂટ તેલથી ભરેલો ધર્મપ્રદીપ પ્રાપ્ત થયો છે.''

**- મદનમોહન માલવિયા**

''એક વાર મારો અંતકાળ પાસે જણાયો ત્યારે ગીતા મને બહુ જ આશ્વાસનરૂપ થઈ હતી.''

**- મહાત્મા ગાંધીજી**

''गीता में हृदयं पार्थ गीता मे सारमुत्तमम् ।
गीता मे ज्ञानमत्युग्रं गीता मे ज्ञानमव्ययम् ॥
गीता मे चोतमं स्थानं गीता मे परमं पदम् ।
गीता मे परमं गुह्यं गीता मे परमो गुरुः ॥''

''ગીતા એ મારું હૃદય છે; ગીતા મારો ઉત્તમ સાર છે; ગીતા મારું અતિ ઉગ્ર જ્ઞાન છે; ગીતા મારું અવિનાશી જ્ઞાન છે; ગીતા મારું ઉત્તમ સ્થાન છે; ગીતા મારું પરમપદ છે; ગીતા મારું પરમરહસ્ય છે અને ગીતા મારો પરમ ગુરુ છે.''

**- ભગવાન શ્રીકૃષ્ણ**

''गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः ।
या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिः सूता ॥''

'પ્રભુમય જીવન', પૃ.૧૩-૧૬ (સાભાર) ●

## (૬) બાધા નહિ, પ્રભુસ્મરણ અને પ્રાર્થના

**કેટલાક મારી બાધા માને છે તેનો મને મનમાં બહુ અણગમો છે સાહેબ, ખોટી વાત છે. આ મને એના પૈસાય મળે છે સાહેબ, એ પણ કહું છું. આજે હું જાહેર કરું છું કે મારી કોઈ બાધા ના માને. એ ખોટો રિવાજ છે. અંધશ્રદ્ધા છે. એ તોડવી જોઈએ સમાજની. એટલો બધો ઘેલછાવાળો આપણો સમાજ છે.** પેલા ખેરાળુમાં પચાસ હજાર સાઠ હજાર લોકો જાય સાલી.... મને તો શરમ આવે છે. આપણી પ્રતિષ્ઠાને. આપણો સમાજ કેવો છે આ ! અને લોકો આંધળા થઈને દોડે છે. એવા મહાત્માઓ આવે. આ ચમત્કારોની પાછળ ગાંડા થયેલા લોકો. હું કહું છું ચેતો. આ ખોટી વાત છે. આની પાછળ દોડો નહિ. **જ્યાં જ્યાં ચમત્કાર દેખો ત્યાં તમે બિલકુલ જાવ નહિ.**

ચમત્કાર આવા લોકોના જીવનમાં હોતા નથી એમ મારું નથી કહેવાનું, પણ કોક જવલ્લે એવું નિમિત્ત પ્રગટે ત્યારે આપમેળે થાય. દેખાડવાને ચમત્કારો થતા નથી. ભલે ગમે તે કરતા હોય, પણ દેખાડો કરવાને ચમત્કાર હોતા નથી. કે સત્ય સાંઈબાબા કરે છે ને, તો જે કોઈ કરતાં હોય તેમને મુબારક. માથું નમાવું છું પ્રેમભક્તિપૂર્વક, પણ એથી તમને શું લાભ થયો ભઈ ? કોઈ કરોડાધિપતિ હોય તમને શું લાભ થયો ? એટલે મારી તો સમાજને પ્રાર્થના છે કે આ દર્શન કરવાની, પગે લાગવાની બધી વાત છોડો.

મને અત્યારે દાક્તરે ઇંજેક્ષનો આપ્યાં છે. એક નોવેલ્જીનનું ને એક બાર્ગલનું એટલે કે શોષ તમને ઘણો પડશે. બોલાશે નહિં એટલે તમે પાણી થોડું થોડું પીતા રહેજો. એટલે આ તમને જણાવાની ખાતર કહ્યું કે તમે બધાં મારા ભગવાન છો, સાચી હકીકત તમને જણાવવી જોઈએ.

એક ભાઈ અમદાવાદના છે, તે દર મહિને આ મને કવર મોકલે. અંદર કાંઈ જ લખ્યું ન હોય. વીસ રૂપિયા મોકલી આપે છે. એટલા નિયમિત રીતે. એને ઘણી મારી પ્રાર્થના છે. તમારામાંના કોઈ હોય, એને સંદેશો મળે તો કહી શકાય તો કહેજો. અમે એને પહોંચ આપી શકીએ. અમે આમ તો જમા તો કરીએ છીએ ચોપડે. એની પહોંચ ફાડીએ છીએ. અનામી તરીકે, પણ દર મહિને નિયમિત આપ્યા કરે છે.

ત્યારે આ મારી કોઈ બાધા રાખશો નહિ ભાઈ. એ મારી તમને ફરીથી વિનંતી છે. એ ખોટી વાત હા, તમે મને આવીને વાત કરો. તે હું સાંભળવાને તૈયાર છું. મારાથી બનશે તો હું પ્રાર્થના પણ કરીશ. પ્રાર્થનામાં માનું છું. ઘણી પ્રાર્થનામાં માનું છું અને પ્રાર્થનાની શક્તિ પણ ઘણી ભારે છે, એ પણ હું જાણું છું. અનુભવથી, પ્રયોગથી કરીને કહું છું. મારા જીવનમાં મેં પ્રાર્થનાઓ કરેલી છે- કટોકટીની વેળાએ. મૃત્યુ સામે આવીને ઊભું રહ્યું હોય તે વખતે પ્રાર્થના કરેલી છે. એમ ને એમ નથી કહેતો.

સાપ કરડેલો મને. ઠક્કરબાપા સાથે

સૂતેલા. હજુ શ્રીકાંત શેઠ તો જીવે છે. એને જઈને કોઈ પૂછી આવી શકે છે. છોત્તેર કલાક સુધી નૉન-સ્ટૉપ. અખંડ ભગવાનનું સ્મરણ મોટેથી ચાલ્યા કરેલું. અશક્ય વાત. કંઈ થઈ શકે નહિ. ભગવાનની શક્તિ વિના ખાધા-પીધા વિના છોત્તેર કલાક અને પછી મને વીસ કલાક પછી ઠક્કરબાપા મોટરમાં નાખીને લઈ ગયા. આણંદમાં રાયણના દવાખાનામાં. ડૉ. કૂકના દવાખાનામાં. ત્યાં એ લોકોએ મારાં આંતરડાં ધોયાં. પેટ સાફ કર્યું અને બધું તપાસ્યું કે આ છોકરો જીવે છે કેવી રીતે ? પણ એ પાદરી લોકો, ભગવાનને આપણા લોકો કરતાં વધારે માનવાવાળા, પણ ત્યારે પણ મારું ભગવાનનું સ્મરણ ચાલુ. ત્યારે આ ભગવાનની હું ભક્તિ કરું છું તે કોઈને દેખાડવા માટે કરતો નથી.

**મોટાનાં પુસ્તકો ખરીદો**

હું કોઈને કહેતો નથી, પણ સતત મારી પાસે પેન્સિલ ને નોટ તૈયાર જ રાખું છું. આટલાં બધાં દર્દમાં આવાં ભગવાનનાં ભજનો થાય છે ને કેટલી બધી ચોપડીઓ છપાઈ ગઈ ! પણ મારી તો તમને બધાને વિનંતી છે કે આટલું બધું તમે સુરતના લોકો કરો છો. જોકે સુરતની પ્રજા આમાં હાજર નથી ઝાઝી, બહુ જ નજીવા માણસો છે. તોપણ જો મારો સાદ પહોંચતો હોય તો કહું ભાઈ, આ મારાં પુસ્તકો લેજો, કારણ કે એ પુસ્તકોના પૈસામાંથી એક પૈસો મેં વાપર્યો નથી. જો હું બધું ભગવાનનું કહું બુદ્ધિ મારા બાપની કહીંથી ? બુદ્ધિ પણ મારા ભગવાનની છે. લાખ રૂપિયા ઉપરાંત મેં આમાં પરમાર્થમાં ખરચી દીધેલા છે. ચોપડે બધી રકમ જમા થઈ જાય છે. એ બહાને તમે એક નાનકડી ચોપડી દરેક જણ દસ દસ ચોપડી વેચી આપે તો મને કેટલો લાભ થઈ જાય ? એ પણ તમે વિચારજો ભાઈ. અહીં ચોપડીઓ પણ મૂકી છે. તો બધા જ ભાઈઓ થોડી લેશો તોપણ મને મદદરૂપ છે, કારણ કે મારે પૈસા જોઈએ છે.

**મોટાના પ્રસંગોના સાક્ષીઓ છે**

પૈસા વિના તો કોઈ કામ થતાં નથી. એ નિમિત્તે પણ મને મળે પૈસા. અને કોઈક કહે મોટા, અમારે માટે લખો અમે ચોપડી છપાવીશું, પૈસા આપીશું; તો હું લખું છું. એમ ને એમ લખતો નથી સાહેબ. કોઈ ને કોઈ માણસો મને કહે છે અને એટલું જ નહિ, બીજી તમારે સાબિતી જોઈતી હોય તો આ **મોટો** જાણે છે. તો બીજી સાબિતી આપું. ભગવાન બોથડને વિદ્વાન બનાવે છે. કે હું જીવતોજાગતો દાખલો છું. હું હિમાલયની ગુફામાંથી આવીને બોલતો નથી. એની તમને ખાતરી નહિ મળે. મારે તો મારા સાથીઓ જીવે છે. આજે પણ કે કેવો હું ભગવાનનું ભજન વગેરે કરતો હતો. એવા એકાંતમાં, એવી ભયંકર જગાઓમાં સિંહ રહેતા હતા, ત્યાં હું રહેલો છું. આ બધા જાણે છે હકીકત હિમાલયની ગુફામાંથી આવીને કહેતો હોત તો તમે ખાતરી શી રીતે કરી શકો બચ્ચાઓ ? પણ મારા જીવનમાં તો તમને ખાતરી મળી શકે એવી છે. તે ઉપરાંત આટલા બધા રોગ છે. કોઈપણ દાકતરને પૂછી શકો છો કે રોગોવાળો માણસ આવું બધું કામ કરે છે એ કેટલી મોટી વાત છે !

'શ્રીમોટાવાણી ભાગ-૧', ત્રી. આ.પૃ. ૨૭-૨૯ •

# (૭) ઈશ્વરને પામવાનો માર્ગ

કોકીલા બારાઈ

૧૯૩૦ના દાયકામાં ગુરુદેવ ટાગોરે ભગવાન શ્રીરામકૃષ્ણ પરમહંસ વિષે અદ્‌ભુત પ્રવચન આપ્યું હતું. ધર્મ વિષેના તેમના વિચારો પ.પૂ. શ્રી મોટાના વિચારો સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે. તેથી આ લેખ ''નવીત સમર્પણ''માંથી સાભાર લીધેલ છે.

ટાગોર જેવા મહાન બેમિસાલ અને બહુમુખી પ્રતિભાસંપન્ન, કવિ, કલાકાર, લેખક, ચિંતક, ચિત્રકાર, અનોખા રવીન્દ્ર સંગીતના સર્જક, તેમને સમજવા એ ફૂટપટ્ટીથી હિમાલયની ઊંચાઈ માપવા જેવું છે.

અહીં ગુરુદેવ એ કહેવા માંગે છે કે ધર્મો, પંથો, ક્રિયાકાંડ, રીતરિવાજો, સાધનાઓ માન્યતાઓ અનેક છે અને એ બધાં સમયની કસોટીમાં પાસ થયા છે. પણ મારે એમાંથી કોઈ સાથે વળગણ નથી. મેં બોલવાની હા પાડી કારણ કે મારે માટે પૂ.પરમહંસ પૂજનીય છે. ધાર્મિક-નૈતિક શ્રદ્ધા અને મૂલ્યોથી વંચિત આજના આ જમાનામાં પૂ.પરમહંસદેવે આપણી અને મનુષ્યજાતિની આધ્યાત્મિક વિરાસતના સત્યને સાબિત કરી બતાવ્યું કેવી રીતે ? તો કહે કે એનો પ્રત્યક્ષ અનુભવ કરીને એને આત્મસાત્ કરીને (પ.પૂ.મોટાની જેમ જ) બધા ધર્મો, પંથો, ચોકાઓ, રસ્તાઓ છેવટે તો એક જ મુકામ પર પહોંચે છે. માટે એકબીજાનો વિરોધ કરવો, એકબીજાને ઉતારી પાડવા એ મૂર્ખતા છે. ઠાકુરના આત્માની સાદગી અને સરળતાએ ભલભલા પંડિતોને ધર્મગુરૂઓના અહમ્, દેખાડા અને દંભના આંચળાઓ ઉતારી નાખ્યા હતા.

સકલ બ્રહ્માંડના રહસ્યને સમજવા માટે ગ્રંથો, પોથીઓની આવશ્યકતા નથી. કવિ કહે છે કે શ્રીરામકૃષ્ણે ભાન કરાવ્યું કે ઈશ્વરને પામવાનો માર્ગ છે પ્રેમ. ઠાકુર કહેતા કે પ્રેમ જનમ્યો કે બધું થઈ ગયું. કોઈપણ આશા વગરની કશુંક પામવાની ઈચ્છા વગરની, નિષ્કામ ભક્તિનું ઉદ્‌ભવસ્થાન પ્રેમ છે. ટાગોર કહે છે કે એનો અર્થ એ થયો કે સર્જન શું છે તેનો સાચો અર્થ માત્ર ત્યારે જ સમજાય જ્યારે તમે પ્રેમમય બનો. હું ફરી ફરીને આ વાત કહેતો રહીશ કે ઠાકુર કહેતા હતા કે પ્રેમ પ્રગટયો એટલે સમજો બધું થઈ ગયું. નાનક સાહેબે પણ પ્રેમનો મહિમા ગાયો છે. બુદ્ધ ભગવાન મૈત્રીની વાત કરતા એની પાછળ ભાવના એ હતી કે મનુષ્ય એકબીજા સાથે સંપીને રહે. એ કેવી રીતે બને ! એનો જવાબ છે પ્રેમ. પ્રેમથી પારકાને પોતાના બનાવવાની શક્તિ શ્રી ઠાકુરમાં ગજબની હતી.

આ સંવાદ વાંચીને પ.પૂ.મોટા ખૂબ યાદ આવે છે પૂજ્યશ્રી ગુરુપૂર્ણિમા કરવા ત્રિચિ જતા અને અમે પણ ત્રિચિ જતા. ગોપાલદાસ જ્વેલર્સ, એટલે શ્રી નંદુભાઈ આ કુટુંબ સાથે સંકળાયેલ હતા. પ.પૂ.મોટા તેમના પ્રવચનમાં અવાર-નવાર કહેતા કે પ્રેમથી-સંપીને રહેજો, નહીંતર પેનના ગોદે કોર્ટ કચેરીમાં બધું ચાલ્યું જશે એ પ.પૂ.મોટાના પ્રવચનના શબ્દો યાદ આવે છે.

**અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર**

# (૮) ત્રિવેણી સંગમ

મને અજપાજપ ૧૯૨૮ પછીથી શરૂ થયેલા. એ પછી ૧૯૩૦માં મને મનની નીરવતા પ્રાપ્ત થઈ. એ વેળા નિદ્રા લગભગ નહિ જેવી રહેતી. આખી રાત ને રાત જાગ્રત દશામાં રહેવાનું થતાં વર્ષો તેવાં પસાર થયાં છે. એ સાથે સાથે દિવસે બાર બાર કલાક ગુજરાત હરિજન સેવક સંઘની ઑફિસમાં કામ કરતો જ હતો. આ બધું ભાવનાના પ્રાબલ્યને લીધે આપોઆપ થતું હોય છે. તેથી શરીરને કે તેના બીજા આંતરિક ભાગોને કશી ઈજા થતી નથી.

તામસિક મનવાળાને ઝાઝા વિચારો ન ઊઠતા હોવાને કારણે જ એને નીરવ થવામાં તે સ્થિતિ સહાયરૂપ ન થાય. રજસમાં પ્રવેશીને તે બાદ જ તેને પણ નીરવ થવું પડે.જેણે આવી સ્થિતિ પ્રાપ્ત કરવી છે એવા જીવને મૂળમાં તેના પરત્વેની ધગધગતી તમન્ના પ્રગટેલી હોવી જોઈએ.

આ તત્ત્વની સાધના એવા પ્રકારની છે કે આપણને પોતાને એનો સ્પર્શ થતાં નવજીવન મળતું હોય એમ લાગ્યા કરે છે, પ્રોત્સાહન મળ્યા કરે છે, વિશ્વાસશ્રદ્ધા બઢયાં કરે છે અને આપણી આગળપાછળના ઉપર પણ તેની અસર જાણીઅજાણી અને પછીથી પ્રગટપણે પડતી રહે છે.

હીરા પારખવા માટે જેમ તેવી આંખ કેળવવી જોઈએ, તેવું આમાં પણ છે. તેની સાબિતીની નિશ્ચિતતા અને નિર્ભ્રાંતતામાં (અચૂકપણામાં) ફરક પડતો નથી. આના જેવું દિલમાં, અરે, સ્થૂળ અને સૂક્ષ્મ અંગેઅંગમાં અને રોમેરોમમાં અસર કરનારું બીજું કોઈ વિજ્ઞાન કે બીજી કોઈ કળા નથી. કોઈ વિજ્ઞાન અમુક પ્રકારની બુદ્ધિને વિકસાવે, કોઈ શાસ્ત્ર હસ્તકળા વિકસાવે, કોઈ કળા લાગણીને વિકસાવે, કોઈ શરીરને વિકસાવે, પણ સારાય જીવનને વિકસાવે તથા બધાં જ સ્થૂળ સૂક્ષ્મ અણુ-પરમાણુમાં પ્રસરી તેને પાંગરાવે એવું તો આ એક જ વિજ્ઞાન અને કળા છે.

મારા જીવનમાં મેં ભક્તિ તો કરેલી જ છે. તે રીતે કર્મ પણ એવી જાતનાં મારાથી ભગવાનની કૃપાથી થયેલાં છે. એટલે કર્મયોગ પણ થયેલો છે અને મારું આ સાહિત્ય વાંચતાં વાંચતાં કોઈને પણ સમજાશે કે 'મોટા' ને જ્ઞાન તો છે. એટલે આ તો **ત્રિવેણીસંગમ** થયેલો છે. એ પણ ભગવાનની મોટામાં મોટી કૃપા છે. કેટલી મોટી કૃપા કે જેનું સાહિત્યિક ભાષામાં વર્ણન થઈ શકે નહિ. એવી એ મોટી કૃપા છે. કારણકે મારા જેવા સાવ બોથડને આવું આવડવું જ શક્ય નથી. નાનપણમાં જેણે જોયું હોય અથવા તો હું જ્યારે સાબરમતી આશ્રમમાં હતો અને ગુજરાત હરિજન સેવક સંઘનો સહમંત્રી હતો ત્યારે મને બોથડ અને ભોટ કહેતા એ બધી જાણીતી હકીકત છે. ત્યારે મારો વેશ પણ એ જાતનો હતો. કારણકે મારે નમ્રતાને છેક શૂન્યતાની હદ સુધી લઈ જઈને પહોંચાડવી હતી. કારણ કે એ મારા જીવનની કેળવણીનો, નમ્રતાને કેળવવાનો, એક મોટામાં મોટો તબક્કો હતો, માત્ર એ જાતની નમ્રતા કેળવવાનો મારો પ્રયાસ

ચાલ્યા કરતો હતો અને તેથી બધાંને હું એવો લાગું એમાં કંઈ આશ્ચર્ય નથી. તેમજ ત્યારે એ જાતનો ભાવ મારા આખા મોઢા પર પ્રવર્તતો હતો. એટલે લોકો મને એવો ભોટ કહે એ તેમની દૃષ્ટિએ તદ્દન વાજબી હતું, એમાં કોઈનો દોષ હું જોતો નથી. માત્ર હું ત્યારે હસતો. એટલે એ નમ્રતાને આવા સાધનાને પંથે જેણે જવું છે તેણે છેક શૂન્ય પારા સુધી પહોંચે ત્યાં સુધી કેળવવી જોઈશે અને અહમ્ તો સંપૂર્ણપણે ઓગળી જવું જોઈએ. પણ એ ભક્તિ વિના ઓગળવું કદી શક્ય નથી. ભક્તિ, એની છેક પરાકાષ્ઠાએ જ્યારે પહોંચે છે ત્યારે અહમ્ ઓગળે છે. ત્યારે અહમ્ એ ભગવાનના ભાવમાં મળી જાય છે અને ત્યારે જ સાચી ભક્તિ માનવીના દિલમાં લાગેલી છે એમ માની શકાય. બાકી, અહમ્ ઓગળ્યા વિના ભક્તિ પણ એની શૂન્યતાની ટોચે કદી પહોંચી શકતી નથી. એટલે આ બેનો પરસ્પર સંબંધ છે. સાચા સાધક કે શ્રેયાર્થીને માટે અહમ્‌ને ઓગાળ્યા સિવાય એ આગળ વધી શકવાનો જ નથી. સાધનાની શરૂઆતથી જ મને દિલમાં લાગી ગયેલું કે અહમ્‌થી મુક્ત થવું એ અનિવાર્ય પગલું છે. સાધનાના પંથમાં અહમ્‌થી મોકળા થવું અને નમ્રતાની શૂન્યતા સુધી પહોંચવું એ અનિવાર્ય પગલું છે, અને એ ભર્યા સિવાય સાચી ભક્તિ આપણા દિલમાં કદી પ્રગટી શકવાની નથી. એનું ભાન સાધનાની છેક શરૂઆતથી મને લાગી ગયેલું હતું. એ પણ ભગવાનની પરમ કૃપા કે મને એવું ભાન સૂઝેલું. જો તે ભાન થયું જ ના હોત તો કદાચ મારાથી એવા પ્રયત્ન પણ ના થયા હોત. અને મને સાધનાને પંથે જતાં જે જે પ્રકારનું ભાન સ્ફુરતું તે માત્ર હું મનમાં કે મારા મગજમાં રહેવા દેતો નહિ પણ એનો અમલ જ થતો, પ્રત્યક્ષ તેનું અમલીકરણ થતું અને તેને હુ કર્મ દ્વારા, તે પ્રકારના ભાવ મારા જીવનમાં સાકારપણે પ્રવર્ત્યા કરે એવો જ મારો જીવતોજાગતો પ્રયત્ન ચેતનાત્મક રહ્યા કરતો. અને એમાંથી ઘણાં સારાં ફળ નીપજેલાં મેં અનુભવેલાં છે.

'ભગતમાં ભગવાન', છઠ્ઠી આ.પૃ.૧૬૦-૧૬૨ •

**પેજ નં. ૧૪ પરનું ચાલુ**

ટાગોર કહે છે કે હું માત્ર એક કવિ છું, માનવીને ચાહનારો છું. પ્રેમ અતંરમાં પ્રકાશ ફેંકે છે. ઈશ્વરને; અમરત્વને પામવા વલખા મારતાં મનુષ્યના દબાયેલા ખામોશ અવાજને સાંભળ્યો છે. ખામોશ અવાજને બુલંદ કરવો એ ઠાકુરની એક સિદ્ધિ હતી. માનવીને પરમતત્ત્વ સાથે જોડી આપતા સીધા, સરળ, સહજ રસ્તાને કંડારી આપવામાં પૂ.ઠાકુરે જબરજસ્ત સફળતા પ્રાપ્ત કરી હતી. કવિ કહે છે કે શ્રી રામકૃષ્ણે ભાન કરાવ્યું કે ઈશ્વરને પામવાનો માર્ગ છે પ્રેમ. ઠાકુર કહેતા કે ઈશ્વર પ્રત્યે પ્રેમ જન્મ્યો કે બધું થઈ ગયું. દિલમાં સાચી ભક્તિ હોય, શ્રદ્ધા અડગ હોય, હૈયું પ્રેમથી લદોલદ હોય તો વિધિનું ખાસ મહત્ત્વ નથી. શ્રી ઠાકુર ગીત ગાતા.

"કાલીપદ સુધા સરે
ચિત્ત જો ડૂબી રહે તો
પૂજા હોમ યાગનું નવ મૂલ્ય રહે
કાશી કાંચી કોણ રે જાય
કાલી કાલી બોલતા મારો
શ્વાસ જો ચાલ્યો જાય"

'નવનીત સમર્પણ'માંથી સાભાર. •

# (૯) દિવ્યતાનાં દર્શને-૨

પારુલબેન આર. પટેલ

*(હરિભાવ ઑક્ટોબર, ૨૦૨૩નું અનુસંધાન-સં)*

ઈ.સ.૧૯૭૧માં બાબાજીએ જ્યારે તેમના નવા પ્રાગટયને ૧૮૩૪ની સાલના અમર બાબાજીનું જૂનું જ સ્વરૂપ હોવાનું જણાવતા લોકો તે માનવા તૈયાર ન હતા. અનેક શંકા-કુશંકાઓ સાથે બાબાજીનું આ નવું સ્વરૂપ લોકચર્ચાનો વિષય બનેલ. બાબાજીએ અનેક પ્રમાણો આપ્યાં, પરંતુ કોઈ જ તે સ્વીકારવા તૈયાર ન હોતા, તેમના અસ્તિત્વને પડકારતી અનેક ફરિયાદો તેમના પર થઈ. અનેક વિવાદો પછી પણ જજ સાહેબ કન્વેન્સ ન થતાં બાબાજીએ પોતાનું ૧૮૩૪ની સાલનું સ્વરૂપ બતાવ્યું. લોકોથી ચિક્કાર ભરેલી કોર્ટ અને જજશ્રી પણ આ જોઈ આશ્ચર્યની દિગ્મૂઢ થઈ ગયા. જજ ડાયસ પરથી નીચે ઉતરી બાબાજીના પગમાં પડયા અને આ પછી લોકોએ તેમને હૈડાખંડી બાબાના આ સ્વરૂપને સ્વિકાર્યું. આ કેસની નોંધ નૈનીતાલના રેકોર્ડમાં જોવા મળે છે.

બાબાજીના આ સ્વરૂપે પોતાની દિવ્યતા દ્વારા દેશ-પરદેશના લોકોને ભારતની આધ્યાત્મિકતા તરફ આકર્ષિત કર્યા છે અનેક દેશોમાં બાબાજીના આશ્રમો છે અને હૈડાખાન પ્રદેશમાં મોટા ભાગે વિદેશી ભક્તો દ્વારા ભંડોળ અને વ્યવસ્થા સંભાળવામાં આવે છે. આજે આ પ્રદેશને પાવન કરતો બાબાજીનો આશ્રમ ગૌતમી ગંગાના સામે કિનારે ગુફા અને સાત મંદિરોથી શોભાયમાન છે. આ કિનારે મંદિર અને ભક્તો માટે અને બાબાજી દ્વારા બનાવેલ વ્યવસ્થાઓ આવેલ છે.

મારા સદ્નસીબે આવા મહાન સંતે મારા જીવનને એક આધ્યાત્મિક દિશા બતાવી અને તે પંથે ચાલવા માટે પ્રકાશ પાથરી ભાવુકતાના એક ઊંડા ભાવમાં ભક્તિ કરવા માટે ભજનો ધ્વારા આ આધ્યાત્મિકતાના મહાસાગરમાં ઉતારીને મારા જીવનને ધન્ય બનાવ્યું છે. મારા જીવનમાં તેમના માટે એક અનોખો પ્રેમ અને આદર છે. પૂજ્યશ્રી મોટા પછી મારા જીવનમાં તેઓ બીજા ગુરુ છે.

અગાઉ મેં હૈડાખંડીબાબાનું પ્રાગટય કાર્ય તેમની દિવ્યતા અને લોકોનો તેમના તરફના આદર વિશે જે મારી પાસે તટસ્થ જ્ઞાન છે તે મેં વર્ણવ્યું છે. હવે બાબાજીના નવા સ્વરૂપને જેણે ગુજરાતની ભૂમિને પાવન કરી તેના વિશે આપને જણાવીશ.

બાબાજીના આ પાવન ચરિત્રને જાણવા માટે હું બાબાજીના દિવ્ય સાનિધ્યમાં રહેનાર પાઠક પરિવાર કે જેમના જીવનમાં બાબાજીનું આગમન અને તે નિમિત્તે અમદાવાદમાં પણ બાબાજીનું આગમન તે વિશે અને મારા જીવનના ઉધ્ધારક પણ કેમ બન્યા તે જણાવું.

બાબાજીના શિષ્ય એવા મહેન્દ્ર મહારાજ દાંતા સ્ટેટના કુલગુરુ હતા. મહેન્દ્ર મહારાજનું ગુજરાતમાં આવવાનું નિમિત્ત ઊભું થતાં તેઓ અંબાજીનાં જંગલોમાંથી દાંતા આવ્યા અને બાબાજીનાં ભજનો અને તેમની દિવ્યતાની અદ્દભુત વાતો આ રાજવી પરિવાર સાથે કરી.

તે વખતે દાંતા સ્ટેટ ભવાનીસિંહજીના

હસ્તક હતું અને આ સ્ટેટના દીવાન આપણા અમદાવાદમાં વસતા પહેલાં તો પોળમાં રહેતા એવા શ્રી પ્રહ્લાદભાઈ પાઠક હતા. તેમણે પણ મહેન્દ્ર મહારાજ દ્વારા આ બાબાજીની પાવનતા અને અલૌકિકતા વિશે જાણ્યું અને બાબાજીની કૃપાથી મહેન્દ્ર મહારાજ સાથે ૨૧ એકવીસ જણા સાથે કરગરિયા જવાનો સંયોગ થયો ત્યારે બાબાજી તેમના નિજ સ્વરૂપમાં હાજર ન હતા. દર્શને જનાર લોકોને બાબાજીનાં દર્શન કરવા હતા તેથી મહેન્દ્ર મહારાજે ખૂબ જ પ્રાર્થના અને આજીજી કરી અને બાબાજીએ તેમની ૧૮૩૪ની સાલનું સ્વરૂપ બતાવ્યું અને આ સ્વરૂપ જોવામાં ઘણા લોકો હતા. કરગરિયા હલદાનીથી ૫ કિ.મી. દૂર છે ત્યાં પુ.બાબાજીનો આશ્રમ છે. મહેન્દ્ર મહારાજે ખુલ્લા મેદાનમાં બધાને સુવાડ્યા હતા ત્યારે રાત્રે પ્રકાશ થયો અને તેમાં બાબાજીનાં દર્શન થયાં. પાઠકભાઈ અને તેમના પત્ની કાન્તાબહેન પણ હતાં. બાબાજીનાં દર્શન તેમની પ્રતિભા અને દિવ્યતા એ દરેકને તેમના સાનિધ્યમાં હંમેશને માટે લઈ લીધા. બાબાજીનું ૧૯૭૧માં પ્રગટેલ સ્વરૂપે તેમને ફરીથી પોતાની દિવ્યતામાં લેવા બાબાજીનું અંબાજીમાં આવવાનું બનેલ. કારણકે દાંતા સ્ટેટ, મહેન્દ્ર મહારાજને માનતા અને તે કારણસર બાબાજીની આ નવા સ્વરૂપવાળી જગ્યાએ જતા, અને તેમના આમંત્રણને માન આપી તેઓ અંબાજી આવેલ અને અત્યારે અંબાજીમાં જતાં **કૈલાસ ટેકરી** પર અધવચ્ચે એક મોટા પથ્થર પર બેસી કપીલ મુનિએ તપ કરેલ અને મહેન્દ્ર મહારાજ પણ તેના પર બેસીને ધ્યાન કરતા તે જગ્યા પર બાબાજી ગયા તેમની દિવ્ય દ્રષ્ટિથી તેમણે આ જગ્યા શોધી, ભવાનસિંહજીને આ જગ્યાએ આશ્રમ બાંધવા જણાવ્યું તેમના પુત્ર લક્ષ્મણસિંહજી ધ્વારા તે જગ્યા ખરીદી, અમદાવાદના ભક્તોના સાથ સહકારથી આશ્રમ બન્યો અમે પણ તે માટે સહભાગીદાર થવા માટે નસીબદાર બનેલ.

હવે બાબાજી અમદાવાદ કેવી રીતે આવ્યા તેની કથા પણ રોચક છે. અમદાવાદના પ્રહ્લાદભાઈ પાઠકની બાબાજી તરફની ભક્તિ તેમને અમદાવાદ લઈ આવી જયારે તેઓ અમદાવાદ આવવા નિકળ્યા ત્યારે જે ભક્તની ગાડીમાં બાબાજી બેઠેલા તેઓ બાબાજીને પોતાના નિવાસસ્થાને લઈ જવા લાગ્યા ત્યારે બાબાજી એ કહ્યું કે “યે પાઠકજી કા ઘર નહીં હે” મુજે વહા લે ચલો” આટલા બધા આંતરદષ્ટિવાળા બાબાજી પાલડીમાં આવેલ પ્રહલાદભાઈ પાઠકજીના ઘરને જાણતા હોય તેમ ત્યાં જ ગયા જ્યાં તેમનો નિર્ધાર હતો. આ જગ્યાએ બાબાજી એ હવન અને ભંડારો કરાવેલ અને તે સોમવારનો દિવસ કાયમ માટે ભજન-કીર્તનનો દિવસ બની ગયો. ૧૯૭૭માં હાંસોલમાં આવેલ મહાદેવના મંદિરમાં બાબાજી સાત દિવસ રોકાયેલ ત્યારે અમારી કૉલેજ પિકનિક ત્યાં સાબરમતી નદીના કિનારે રાખેલ તે વખતે માણસોને કહેતાં સાંભળેલ કે હિમાલયથી એક ખૂબ જ મોટા સંત આ મંદિરમાં ઊતર્યા છે. તદ્દન નજીકમાં જ પરંતુ અકકલ નહોતી કે આવા મહાન સંતનાં દર્શન પણ કરીએ. યુવાનીની બેવકૂફી આજે ખૂબ જ

પસ્તાવાનું કારણ બની છે પરંતુ કોઈ ને કોઈ જન્મે બાબાજી સાથેનું જોડાણ હશે તેથી તેમણે અમને તેમના તરફ આકર્ષ્યા અને જીવનપથને એક નવો રાહ આપ્યો. બાબાજી રૂપાલ ગામમાં પણ ગયેલ કેમ કે મહેન્દ્ર મહારાજ રૂપાલ ગામમાં રહેલા, તથા અનેક ભક્તો ત્યાં પણ છે. બાબાજી છેલ્લે અમદાવાદમાં ૧૪ ફેબ્રુઆરીમાં ૧૯૭૭ માં આવેલ પછી આવ્યા નથી તેથી તે તારીખની યાદમાં મુન્શી સાહેબને બંગલે રાત્રે ભજનો થાય છે, જેનો લાભ અમે લઈએ છીએ.

બાબાજીએ ૧૯૮૪માં જીવનલીલા સંકેલી તેની માહિતી કે કારણ જાણવા મળેલ નથી તેથી હું જેના વિશે જાણતી નથી ને લખતી નથી આવા બાબાજીએ ભારતના ફિલ્મ જગતના માંધાતા શમ્મીકપૂરને પોતાના સાન્નિધ્યમાં કેવી રીતે લીધા તે હવે પછી જણાવીશ.

**'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ**

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન | વડોદરા | ૧૧૦૦૦/- |
| ૨. | કુંતલ મારફતિયા | પૂને | ૫૦૦૦/- |
| ૩. | એક સ્વજન | સુરત | ૧૧૧૧/- |
| ૪. | ફાલ્ગુની યોગેશ પટેલ (જન્મદિન નિમિત્તે) | સુરત | ૧૦૦૦/- |
| ૫. | ઉમંગી ટી. બાબુ | ઓસ્ટ્રેલીયા | ૮૬૫/- |
| ૬. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૭. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૮. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૯. | મંદાબહેન મનોજકુમાર તમાકુવાલા | સુરત | ૨૫૧/- |
| ૧૦. | રાહુલ ગૌતમકુમાર ગાંધી | સુરત | ૨૫૦/- |
| ૧૧. | ગૌતમભાઈ છબીલદાસ ભૂતવાલા | સુરત | ૨૫૦/- |
| ૧૨. | લતાબહેન પંડ્યા | સુરત | ૨૦૦/- |
| ૧૩. | નિર્મળાબહેન નટવરલાલ વાંકાવાલા | સુરત | ૧૫૧/- |
| ૧૪. | રંજનબહેન પરભુભાઈ પટેલ | લવાછા | ૧૦૦/- |
| ૧૫. | મનહરભાઈ પરભુભાઈ પટેલ | લવાછા | ૧૦૦/- |

**ઉપરોકત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

# (૧૦) આત્મહત્યાનું કારણ અને નિવારણ

**સંત ડુંગરદાસરામ**

એકવાર શ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજનો સત્સંગ કાર્યક્રમ બિકાનેરમાં હતો. તે સમયે એક સત્સંગી સજ્જન આવ્યા અને તેમણે પૂછ્યું કે આત્મહત્યા કરીને મરવાવાળા માટે શું કરવું જોઈએ ? (પેલા સજ્જનના નજીકના સંબંધીએ આત્મહત્યા કરી લીધી હતી) ત્યારે સ્વામીજી મહારાજે ધર્મસિંધુ અને નિર્ણયસિંધુ બંને ગ્રંથ મંગાવ્યા કે આને માટે શાસ્ત્ર શું કહે છે ?

એમાં લખ્યું હતું કે આત્મહત્યા કરવાવાળાને માટે કંઇ ન કરવું. જો કંઇ કરે છે તો દોષ લાગે છે. તેણે પ્રાયશ્ચિત કરવું જોઈએ.

આ રીતે શ્રી સ્વામીજી મહારાજના મનમાં એકવાર કરુણા સહિત વિચાર આવવા લાગ્યા કે બિચારો મનુષ્ય આત્મહત્યાથી કેવી રીતે બચી શકે છે ? જ્યારે તેની બુદ્ધિ જ ખરાબ થઈ જાય તો તે શું કરે ? કેવી રીતે બચે ? શરીરનું સંચાલન તો બુદ્ધિ જ કરે છે ને ? જ્યારે એન્જિન જ ખરાબ થઈ જાય ત્યારે ગાડી શું કરે ? તે સમયે તે મરવાનું જ યોગ્ય સમજવા લાગે છે. તેની બુદ્ધિ જ તેવી થઈ જાય છે. કેવી રીતે બચે ?

પછી સ્વામીજી મહારાજે આત્મહત્યાથી બચવાનો ઉપાય બતાવ્યો કે મનુષ્ય જો રોજ ભગવાનનું ચરણામૃત લે તે બચી શકે છે. ચરણામૃતના પ્રભાવથી તેની બુદ્ધિ ઠીક થઈ શકે છે. ચરણામૃતના પ્રભાવથી મનુષ્ય આત્મહત્યાના સમયે મરવાને માટે આગળ વધી શકતો નથી અને બચી જશે. કારણ કે ચરણામૃતના મંત્રમાં આવે છે કે તે અકાળ મૃત્યુને હરનારું છે, ટાળનારું છે. જેમ કે

આકાળમૃત્યુ હરણં સર્વવ્યાધિવિનાશમ.
વિષ્ણોઃ પાદોદકં પીત્વા પુનર્જન્મ ન વિદ્યતે

અર્થાત અકાળમૃત્યુ હરનારું અને બધા રોગોનો વિનાશ કરનારું ભગવાનનાં ચરણોનું જળ પીને મનુષ્ય પુનર્જન્મને પ્રાપ્ત થતો નથી. અકાળમૃત્યુ આત્મહત્યાને કહે છે. કારણ કે આત્મહત્યા કરનાર મનુષ્ય પોતાનું આયુષ્ય રહેતાં છતાં, મરણ આવ્યા વિના જ, કાળ આવ્યા વિના જ મરે છે. એટલા માટે અકાળમૃત્યુ છે.

કોઈ નાની ઉંમરમાં વ્યક્તિ અકસ્માત વગેરે દુર્ઘટનામાં મરણ પામે છે યા કોઈ તેને મારી નાખે છે તે અકાળમૃત્યુ નથી. તેનો તો કાળ આવી ગયો હતો. આયુષ્ય પૂરું થઈ ગયું હતું ત્યારે જ તે મર્યો છે. કાળ આવ્યા વિના ન તો કોઈ મારી શકે છે અને ન કોઈને મારી શકાય છે. એટલા માટે તે આકસ્મિક મૃત્યુ છે અકાળમૃત્યુ નહીં. અકાળમૃત્યુ તો તે હોય છે જે કાળ (મૃત્યુનો સમય) તો આવ્યો જ નથી અને મરી જાય.

મરણ આવ્યા વિના કોઈ બીજો તો નથી મારી શકતો; પરંતુ મનુષ્ય જો પોતે મરવા ચાહે તો મરી શકે છે આત્મહત્યા કરી શકે છે; મરણ આવ્યા વિના જ, અકાળમૃત્યુ મરી શકે છે; મનુષ્યને સ્વતંત્રતા મળેલી છે. બીજી યોનિઓમાં તો અગાઉ કરેલાં કર્મોનું ફળ જ ભોગવાય છે.

નવું કર્મ કરવાનો અધિકાર નથી પરંતુ મનુષ્યયોનિમાં નવું કર્મ કરવાનો અધિકાર છે. મનુષ્ય મરણ આવ્યા વિના જ આત્મહત્યાનું નવું પાપ કરી શકે છે.

રોજ ભગવાનનું ચરણામૃત લેનાર આત્મહત્યાથી બચી શકે છે.

**ગંગાજળ પણ ભગવાનનું ચરણામૃત છે.**

આત્મહત્યા એક મનુષ્યને મારી નાખવા સમાન ઘણું ભારે પાપ છે. ભગવાન પછી તેને મનુષ્યજન્મ આપતા નથી. નહિ આપવામાં ભગવાનનો ભાવ એ છે કે હમણાં જે મનુષ્યજન્મ મેં તને આપ્યો, તે તો તને પસંદ આવ્યો નહિ. તે તેને નષ્ટ કરી દીધો. હવે ફરી મનુષ્યજન્મ શા માટે આપવો ?

પછી બાકી બચેલું આયુષ્ય ભલે ને ભૂત-પ્રેત વગેરે બનીને ભોગવે, મનુષ્યજન્મ મળવો મુશ્કેલ છે. અગાઉ કરેલાં પાપનાં કારણે મનુષ્યની સામે એવી દુઃખી દેનારી પરિસ્થિતિ આવે છે કે તે મરવાનું વિચારે છે. તેને લાગે છે કે હું મરી જઈશ તો દુઃખથી છૂટી જઈશ. પરંતુ એવું થતું નથી અને આત્મહત્યા કરીને બીજું વધારે દુઃખ પામવાની તૈયારી કરી લે છે.

જે પાપને કારણે એવી દુઃખદાયી પરિસ્થિતિ સામે આવી તેનું ફળ ભોગવવાનું તો બાકી જ રહ્યું અને આત્મહત્યાનું એક બીજું પાપ કરી લીધું તો આ બધાનું ફળ આગળ ઉપર જરૂર ભોગવવું પડશે. ભોગવ્યા વિના કર્મોનું ફળ નાશ થતું નથી. ભલે ૧૦૦ કરોડ જન્મ વીતી જાય. એવું શાસ્ત્ર કહે છે. જેમ કે......... પાપનું ફળ (દંડ) તો ભોગવવું જ પડે છે, ભલે આ જન્મમાં ભોગવવું પડે છે કે જન્મજન્માંતરમાં.

અવશ્યમેવ ભોક્તવ્યમ્ કૃતં કર્મ શુભાશુભમ્
નામુકતં ક્ષીયતે કર્મ જન્મ કોટિશતૈરપિ .

(‘સાધક-સંજીવની ગીતા’ ૧૮/૧૨ની ટિપ્પણીથી)

એટલે મનુષ્યને માટે જરૂરી છે કે ભલે ગમે તેવી પણ પરિસ્થિતિ આવી જાય. ક્યારેય પણ આત્મહત્યા ન કરવી અને અન્યને પણ બચાવવા. આ બાબતો અન્યને પણ જણાવવી. તમારા પ્રયત્નથી ન જાણે કેટલાયના જીવ બચી જશે.

(‘મહાપુરુષો કે સત્સંગ કી બાતેં ઔર સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજ દ્વારા કહી ગઈ કહાવત’ પહલા ભાગ સંગ્રહકર્તા ઔર લેખક

‘સંત ડુંગરદાસરામ’ પૃષ્ઠ ૪૩૯ થી ૪૪૫,
અનુવાદ : રજનીભાઈ બર્માવાલા ●

હરિઃૐ

ચરણકમળે ઢળી તારે,
જીવન મારું વીતવવું છે (ટેક)
જીવનની ગડમથલ કેવી !
વિશે તે દિન વિતાવું હું,
ઉપાધિ કૈં બીજી નડતાં,
તને ઊંડું સ્તવું છું હું
ચલવજે માર્ગ તે મુજને,
બીજે મારે નથી જાવું,
હૃદય એ લક્ષ્યમાં રાખી,
પ્રભો ! આવ્યો છું શરણે હું

‘આર્તપોકાર’, પૃ.૪૬ (સંકલિત) ●

## (૧૧) કચડાયેલો વર્ગ હવે જાગે છે

શ્રીમોટા

સમાજ બ્રહ્મસ્વરૂપ છે, અમારાં શાસ્ત્રો પણ એમ કહે છે. અમારી 'ગીતામાતા' પણ એમ જ કહે છે કે બધું જ બ્રહ્મ છે. આપણે તો આપણા કુટુંબના પાંચ-પચીસ વ્યક્તિઓ માટે કામ કરીએ છીએ, પણ સમાજ કાંઈ આટલા પાંચ-પચીસના કુંડાળામાં જ નથી.

તમે સમાજને વિસ્તારથી સમજો અને એને માટે જીવો, તો તમે હળવાશ અનુભવશો. શાસ્ત્ર કહે છે કે તમે એકલા ન ખાઓ. જે વધારે રાખે છે તેને માટે 'ચોર' શબ્દ કહ્યો છે. જે એકલો ખાય છે, જે સંગ્રહ કરે છે તે 'ચોર' કહેવાય છે, આ 'ચોર' શબ્દ મારો નથી. પણ શાસ્ત્ર અને ગીતામાતા પણ એમ કહે છે.

અમારી સંસ્કૃતિ તો કહે છે કે બધાં સાથે મળીને એકબીજાનું પોષણ કરીએ. બધાં સાથે મળીને ભોગવીએ-શક્તિવાળા બનીએ ને માંહે માંહેના ભેદ ટાળીએ પણ આજે તો આ પોથીમાંના રીંગણાં જેવી વાત છે. તેથી હું તો કહું છું કે સંસાર ભોગવવા મળ્યો છે પણ તમે એકલા ન ભોગવશો નહીંતર મરી જઈશું આપણે ! આ કંઈ બીક બતાવવા નથી કહેતો પણ છાપાં દ્વારા વાંચો અને જુવો કે જે **કચડાયેલો વર્ગ છે તે જાગે છે અત્યારે.** માટે આજના કાળમાં તો બીજાને માટે જીવો, સાચું કહું છું. બીજાને માટે જીવી તો જુઓ ! તમને પોતાને આપમેળે જ બધી સમજ પડશે.

તમે કહેશો કે, 'મોટા ! તમે તો રાજકીય માણસ છો!' તો તમારે જે કહેવું હોય તે કહેજો. જે લેબલ લગાડવું હોય તે લગાડજો પણ હું ધર્મનો માણસ છું. આ સમાજ આવો છે તે આપણે લીધે છે. ત્યારે એવા અન્યાયની સામે સમાજને બેઠો કરવા, જાગૃત કરવા હું તો મથું છું. મારા એકલાથી એ બનશે કે નહિં એ હું નથી જાણતો. હું તો તલના લાખમાં ભાગ જેટલું પણ કામ નથી કરતો, પણ મારાથી જેટલું બને છે તેટલું કરું છું. પણ સ્વાર્થ ન જાગે ત્યાં સુધી તો આ સંસારમાં કાંઈ પણ થઈ શકવાનું નથી. સહન કરવાનું તો આ સંસારમાં રહેલું જ છે. ત્રાસ, તાપ, ફીકર, ચિંતા, ક્લેશ વગેરે આપણે સહન કરવાં જ પડે છે. એટલે લોકોને સંસારમાં શાંતિ મળે એટલા માટે જ મેં આ મૌન ઓરડાઓ બનાવ્યા છે. તેમાં જે મૌનમાં બેસશે તેઓના સંસ્કારો જરૂર કેળવાશે પણ કાયરથી, નામર્દથી ધર્મ નહિ પળાય.

બીજી એક વાત. મેં જ્યારે કૉલેજ છોડી ત્યારે જે દેશોએ સ્વાતંત્ર્ય મેળવ્યાં છે એ બધા દેશોના ઈતિહાસ મેં વાંચ્યા છે. બીજા દેશોમાં પણ એવા અમલદારો ત્રાસરૂપે હતા. તે પ્રજાએ તેમને પકડી પકડીને જાનથી મારી નાખ્યા હતા. તેમ આપણા દેશમાં પણ થશે. Anarchy (અંધાધૂંધી) થશે અને ત્યારે આપણા પણ એ જ હાલ થશે. જાનમાલની કે પૈસાની પણ સલામતી નહિ રહે સાહેબ !

ભગવાનની વાત તો દૂર રહી, પરંતુ એ માટેની ભૂખ કે લગની કે તત્પરતા પણ નથી જાગી. આપણે સમાજને માટે જીવતાં નથી. 'આ મારું ઘર, આ મારા બાપના પૈસા' એ બધું હવે નહિ ચાલશે. કલમના ગોદે સરકાર બધુંયે આંચકી લે છે, પણ પરમાર્થ માટે દસ હજાર આપવાના થાય તોયે માંડ એક હજાર આપીએ છીએ. **હું કહું છું કે પૈસા તો આંખના પલકારામાં જતા રહેશે. એને પરમાર્થમાં વાપરો.**

'સ્વજનોને સંબોધન', પ્ર. આ., પૃ.૪૯ ●

## (૧૨) સાધકનું સાચું હરિભજન

**શ્રીવાસુદેવ સરસ્વતી**

સાધકે, કઠોર કર્મઠપણાનો ત્યાગ કરવો જોઈએ. તે સાથે જ સ્વચ્છંદી કર્મહીનતાનો પણ ત્યાગ તેટલો જ જરૂરી છે. **જે કર્મથી પ્રભુ સાથેનું અનુસંધાન ખંડિત થાય, તે કર્મનો ત્યાગ કરવો જોઈએ.** જે કર્મ વડે પોતાનું મન સ્વરૂપનિષ્ઠ બને, આત્માનુસંધાન અખંડિત રહે અને મન સ્વરૂપનિષ્ઠ થાય, તો કર્મ અવશ્ય કરવું જોઈએ. સંતોનું વર્તન આ જ તત્ત્વને અનુસરતું હોય છે.

**અનાચાર અને અત્યાચાર એ ઉભય વચ્ચે જે સદાચારનો શાસ્ત્રવિહિત માર્ગ છે, તેનો જ સંતજનો આચાર કરે છે.** દિનપ્રતિદિન પ્રગતિને પંથે ચાલવાના હેતુથી જ શાસ્ત્રોએ સર્વસાધારણજનો માટે સદાચારનો વચલો માર્ગ મોકળો મૂક્યો છે. એ માર્ગે ચાલતાં માનવી માનવતાને વરે છે. માનવમાં રહેલી દાનવતાનો નાશ થાય છે અને અંતે માનવ, માનવ મટી દેવ થાય છે. આમ, આચાર અને વિચારનો સુમેળ સાધીને જેને જીવન જીવતાં આવડે છે, તે સાચો સંત છે. તે ઉભયપક્ષે પોતાની સમતુલા જાળવી રાખે છે.

કર્મ, જ્ઞાન, તપ, યોગ, જપ, વેદાધ્યયન આદિ શાસ્ત્રવિહિત કર્મો આત્મોન્નતિ અર્થે જ સૂચવવામાં આવ્યાં છે, પણ જ્યારે તેનો હેતુ માર્યો જાય છે અને તેમાં મિથ્યાભિમાન થાય છે ત્યારે એવા અભિમાનયુક્ત શબ્દપંડિતો વાદવિવાદ કરીને માંહેમાંહે લડી મરે છે. સંત આ બધી ખટપટોમાં પડતો નથી. **મિતભાષી સંત હંમેશાં હિતભાષી હોય છે.**

'હરિ' એ જ સર્વ સાધન કિંવા આરાધનાનું મધ્યબિંદુ છે. માનવજન્મ પ્રાપ્ત કરીને માનવીએ પોતાના એ મધ્યબિંદુએ જ પોતાનો જીવનપ્રવાહ વહેવરાવવો જોઈએ. સરિતાનો પ્રવાહ સમુદ્ર તરફ જ વહે છે, તે પ્રકારે સાધકે પોતાનો જીવનપ્રવાહ રાખવો ઘટે. હરિ-આત્માને પ્રાણીમાત્રમાં જોઈને અને પ્રાણીમાત્રના બાહ્યરૂપ, આકાર અને નામનો છેદ કરીને એ વિવિધ આકારે રહેલા આત્માનું જ ધ્યાન રાખવું આવશ્યક છે. પ્રાણીમાત્રના હિતાર્થે, ભાવીઆધીન આવી મળે તે, કષ્ટ પણ શાંતિથી સહન કરવાની જરૂર છે સુખ મળે તો તે પણ એ જ અર્થે ભોગવી લેતાં તેમાં મમત્વનો ત્યાગ કરી અનાસક્ત ભાવે જ ઉભયનો સુખદુઃખનો આનંદ કે વિશાદ મનમાં ન આણતાં પરમાત્માભાવે જ જીવન જીવવું એ જ માનવકાયાનું મહત્ત્વ છે. **પરોપકારાર્થે તન, મન, ધનથી પ્રયત્ન કરવો એ જ સાચી હરિભક્તિ છે.**

આ રીતે પ્રાણીમાત્રમાં પ્રભુને અને પ્રભુમાં પ્રાણીમાત્રને જોનાર સાધકની સ્વાભઆવિક જ સમદૃષ્ટિ થાય છે. પછી તેનો કોઈ મિત્ર નથી કે કોઈ શત્રુ નથી. જે કાંઈ છે તે બ્રહ્મ છે. **નિરપેક્ષભાવે - નિરહંકારભાવે કર્તવ્યનિષ્ઠાથી બુદ્ધિથી જે અનાસક્તભાવે કાર્યો થાય છે, તે જ સાધકનું સાચું હરિભજન છે.** આપણાં જે કાર્યોથી બીજાને સુખ થાય છે એ જ પરોપકાર છે, પણ એ પરોપકારના હેતુએ કરેલું કર્મ પ્રભુને માન્ય નથી. અને એ પરોપકાર પણ નથી. પ્રાણીમાત્રને પ્રભુનુંરૂપ માનીને 'અહં'નો ત્યાગ કરીને જ નહિ પણ એ 'અહમ્'નું વિસ્મરણ કરીને કાયા, વાચા અને મનસા પરહિત કાજે જે કર્મ થાય છે, તે જ હરિની સાચી સેવા છે. સંતો આવાં કાર્યોમાં રત રહે છે. પ્રાણમાત્રની સેવા એ પરમાત્માની સેવા છે અને એ જ તેમનું ભજન-પૂજન છે.

'શ્રીયોગાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર', બી.આ., પૃ.૧૧૯
'હરિભાવ', જુલાઈ ૨૦૦૬ ●

**SCHEDULE VIII**

(SEE RULE 17 (1)

Name of Public Trust : **HARIWANI TRUST** Trust No**: E-10234/Ahmedabad** Date of Registration **: 01/08/1994**

Address of the Trust's office **: B/5 Swastik Apartment , Narayannagar** Phone No **: 9427554391**

**Paldi ,Ahmedabad- 380007, Gujarat**

**Balance Sheet as on 31st MARCH,2023**

**Bank Account No. of Trust for transaction of Foreign contribution……………….. F.C.R.A No…………. Date……….**

| FUNDS AND LIABILITIES | | AMT. (Rs) | PROPERTY AND ASSETS | | AMT. (Rs) |
|---|---|---|---|---|---|
| **Trust Funds or Corpus (As per Schedule -1)** | | **42,54,708** | **Immovable Properties(suitably classified giving mode of valuation)** | | |
| Balance as per last balance sheet | | | Balance as per last Balance Sheet | 72,000 | |
| Adjustment during the year (give details) | | | Additions or deductions(including those for depreciation)If any, during the year | (7,200) | **64,800** |
| **Other earmarked Funds** | | | | | |
| Depreciation Fund | | | **FURNITURE** | | |
| Sinking Fund | | | Balance as per last Balance Sheet | 53,673 | |
| Reserve Fund | | | Additions or deductions(including those for depreciation)If any, during the year | (10,098) | **43,575** |
| Any other Fund | | | | | |
| **Loans(secured or unsecured)** | | | **Deposits** | | |
| From trustees | | | Haribhav Postage Deposit | 7,700 | **7,700** |
| From others | | | Telephone Deposit | | |
| **Liabilities** | | | **Other Loans and Advances** | | |
| For Expenses | | | To trustees | | |
| For Advances | | | To employees | | |
| For rent and other deposits | | | To contractor | | |
| For sundry credit balances | | | To lawyers | | |
| | | | TO Telephone advance | | |
| **Income and Expenditure Account** | | | | | |
| Balance as per last balance sheet | (7,95,469) | | **Income Outstanding** | | |
| Less appropriation ,if any | | | To, TDS Receivable A.Y 2023-24 | 14,314 | **14,314** |
| Add / Less : Surplus of deficit As per income and Expendidure Account | (2,44,410) | **(10,39,879)** | | | |
| | | | **Cash and Bank Balance (As per Schedule -2)** | | **30,84,440** |
| | | | (a)In current account and fixed deposit account (given names of banks and state in whose name the account stands) | | |
| | | | (b)In F.C.R.A. Account No. or fix deposit Account(give names of banks and branches) | | |
| | | | ( c) With trustee (give name) | | |
| | | | (d)With the manager (give name) | | |
| | | | | | |
| **Total** | | **32,14,829** | **Total** | | **32,14,829** |

**As per our report to even date**

**For, Hariwani Trust,**

**Girishbhai Pandya** — **Trustee**

**Sureshchandra vora** — **Trustee**

**Place:Ahmedabad**
**Date: 18/08/2023**

**For MAHENDRA N. SHAH & CO.**
**CHARTERED ACCOUNTANTS**
**F .R No.105775W**

**CHIRAG M. SHAH**
**(Partner)**
**Membership No.45706**

**Place:Ahmedabad**
**Date: 18/08/2023**

**SCHEDULE IX**

(SEE RULE 17 (1)

Name of Public Trust **: HARIWANI TRUST** Trust No**: E-10234/Ahmedabad** Date of Registration **: 01/08/1994**

Address of the Trust's office **: B/5 Swastik Apartment , Narayannagar** Phone No **: 9427554391**

**Paldi ,Ahmedabad- 380007, Gujarat**

**Income and Expenditure Account for the year ending 31st MARCH,2023**

**Bank Account No. of Trust for transaction of Foreign contribution……………….. F.C.R.A No…………. Date……….**

| EXPENDITURE | AMT. (Rs) | INCOME | AMT. (Rs) |
|---|---|---|---|
| To Expenditure in respect of properties | | | - |
| Rates, Taxes, Cesses | 22,334 | By interest (accrued/realized) | |
| Repairs and Maintenance | - | On Securities | |
| Salaries | - | On Bank F.D | 1,63,422 |
| Insurance | - | On Bank Account(Saving) | 1,857 |
| Depreciation (by way of provision or adjustments) | | | |
| Other Expenses | | By Miscellaneous Receipt | |
| To Establishment expense(**As per Sch-3**) | 1,01,640 | | |
| To remuneration(in the case of a math) | - | Yearly Subscription | 39,000 |
| To the head of the math,including his Household expenditure,if any. | - | By Donations in cash or kind | 4,36,580 |
| To legal expenses | - | Interest on I.T Refund | 962 |
| To audit Fees | 12,130 | By Transfer from Reserve | |
| To contribution to charity commissioner | - | By Deficit carried over to Balance Sheet | 2,44,410 |
| | | | |
| To months written off | | | |
| (a) Bad debts | | | |
| (b) Loan scholarships | | | |
| (c) Irrecoverable rents | | | |
| (d) Other items - Asset Written off | 5,257 | | |
| To Miscellaneous expense | | | |
| To Depreciation | 12,041 | | |
| To amounts transferred to Reserve specific funds | | | |
| To Expenditure on objects of the trust (**As per Sch-4**) | | | |
| (a) Religious | | | |
| (b) Educational | 7,32,829 | | |
| (c)Medical Relief | | | |
| (d) Relief of poverty | | | |
| (e) Other charitable objects | | | |
| **to surplus carried over to Balance Sheet** | | | |
| **Total** | **8,86,231** | **Total** | **8,86,231** |

**As per our report to even date**

**For, Hariwani Trust,**

**Girishbhai Pandya**
**Trustee**

**Sureshchandra vora**
**Trustee**

**Place:Ahmedabad**
**Date: 18/08/2023**

**For MAHENDRA N. SHAH & CO.**
**CHARTERED ACCOUNTANTS**
**F .R No.105775W**

**CHIRAG M. SHAH**
**(Partner)**
**Membership No.45706**

**Place:Ahmedabad**
**Date: 18/08/2023**

| Name of Trust :- HARIWANI TRUST. Ahmedabad.<br>2022-23 | | |
|---|---|---|
| **Particulars** | **Amount. (Rs)** | **Amount. (Rs)** |
| **Schedule-1** | | |
| **Trust Funds or Corpus (Opening Balance)** | | 42,54,708 |
| **Add: Fund Tranfer to Corpus Fund** | | - |
| **Total** | | **42,54,708** |
| **Schedule-2** | | |
| **CASH & BANK BALANCES** | | |
| **Cash on Hand** | | 868 |
| ***Saving Bank Accounts with:-*** | | |
| State Bank of India Ahmedabad | 26,593 | |
| UCO Bank Ahmedabad A/c. No. 3088 | 1,86,980 | 2,13,573 |
| | | **2,14,440** |
| ***Fixed Deposits with*** | | |
| State Bank of India | 8,20,000 | |
| UCO Bank,Narayannagar Br, Ahmedabad. | 20,50,000 | 28,70,000 |
| **Total** | | **30,84,440** |
| **Schedule -3** | | |
| **Establishment Expenses** | | |
| Bank Charges & Commission | 993 | |
| Salary Expenses | 46,200 | |
| Medical Allowance | 1,500 | |
| Miscellanoeus Exp. | 600 | |
| Telephone Exp. | 2,400 | |
| Postage Expenses | 2,791 | |
| Stationery & printing | 2,490 | |
| Bonus payment | 30,600 | |
| Electricity expence | 610 | |
| Society Maintanence Exp. | 6,000 | |
| Travelling Exp. A/c. | 900 | |
| Office Exp. A/c. | 5,000 | |
| Repairs & maintainance | 1,556 | |
| **Total** | | **1,01,640** |
| **Schedule-4** | | |
| **Expenses for the object of Trust** | | |
| Prakashan Expense | 3,22,608 | |
| Paper purchase exp. | 4,10,221 | |
| **Total** | | **7,32,829** |
| **Schedule-5** | | |
| **Interest on Fixed Deposits** | | |
| UCO Bank | 97,354 | |
| State Bank | 66,068 | |
| **Total** | | **1,63,422** |
| **Schedule-6** | | |
| **Interest on Saving Bank A/c** | | |
| UCO Bank | 1,857 | |
| **Total** | | **1,857** |

**અક્ષર ન વંચાય તો ૯૪૨૭૫ ૫૪૩૯૧ ઉપર ફોન કરવો.**


**- સંપાદક**




પૂજ્ય શ્રીહૈડાખાનબાબા

**HARIBHAV, DECEMBER, 2023**

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023



પૂજ્ય શ્રીમોટા તથા શ્રી ઝીણાકાકા



# 'સ્વાર્થ'

(અનુષ્ટુપ)

સંસારી સ્વાર્થમાં ભાવ કદીયે નવ હોય છે,
માત્ર ત્યાં વૃત્તિ સંપૂર્ણ જીવદશાની હોય છે,
ભાવમાં વૃત્તિનો અંશ મુદ્દલે નવ હોય છે,
શો ત્યાં દઢાવવા ભાવ શ્રેયાર્થીનો પ્રયત્ન છે.

• • •

રોગ મટાડવા સ્વાર્થે 'નામ'ને લેવરાવીને,
ને સ્મરણ કરાવ્યું છે, લાગ્યો એમાંથી નાદ જે,
એવા તે નાદના છંદે, ભજનો કીર્તનો થયાં,
અખંડાકાર શો ભાવ થયો હું ધન્ય જાગતાં !

'સ્વાર્થ' , પ્ર. આ., પૃ. ૮, ૯૦ — - શ્રીમોટા

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007